ભારત સરકાર

# બજેટ 2022-2023

નાણાં મંત્રી

નિર્મલા સીતારમણનું

પ્રવચન

***ફેબ્રુઆરી 1, 2022***

# અનુક્રમણિકા

## ભાગ - એ


**Page No.**

- પ્રસ્તાવના 1
- પીએમ ગતિશક્તિ 3
- સમાવેશક વિકાસ 5
- ઉત્પાદકતા વૃદ્ધિ અને રોકાણ, ઊભરતી તકો, ઊર્જા સંક્રમણ અને ક્લાયમેટ એક્શન 11
- રોકાણો માટે ધિરાણ 17
- નાણાંકીય વ્યવસ્થાપન 20


## ભાગ - બી


**સીધા વેરાની દરખાસ્તો** 21

- નવું અપડેટેડ રિટર્ન પ્રસ્તુત કરવું
- સહકારી સંસ્થાનો માટે વૈકલ્પિક લઘુતમ કરવેરા અને સરચાર્જમાં ઘટાડો
- દિવ્યાંગો માટે કરરાહત
- રાજ્ય અને કેન્દ્ર સરકારના કર્મચારીઓ વચ્ચે સમાનતા સ્થાપવી
- સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહનો
- નવાં સ્થપાયેલાં ઉત્પાદન એકમોને રાહત આપતી કર વ્યવસ્થા હેઠળ પ્રોત્સાહનો
- વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સના વેરા માટે યોજના
- વિભાગ દ્વારા વારંવારની વિનંતીઓ ટાળવા માટે મુકદ્દમાનું વ્યવસ્થાપન
- આઈએફએસસીને કર પ્રોત્સાહનો
- સરચાર્જનું તર્કસંગતીકરણ
- વ્યવસાયિક ખર્ચ તરીકે 'આરોગ્ય અને શિક્ષણ ઉપકર' ના સંબંધમાં સ્પષ્ટતા
- કરચોરી સામે પ્રતિબંધ
- ટીડીએસની જોગવાઈઓને તર્કસંગત બનાવવી

**પરોક્ષ વેરા** 25

- જીએસટીમાં નોંધપાત્ર પ્રગતિ ः
- સ્પેશિયલ ઈકોનોમિક ઝોન્સ ः
- કસ્ટમ્સમાં સુધારા અને ડ્યૂટી રેટમાં ફેરફાર
- પ્રોજેક્ટ ઈમ્પોર્ટસ અને કેપિટલ ગૂડ્સ
- કસ્ટમ્સમાં અપવાદોની સમીક્ષા અને ટેરિફનું સરળીકરણ
- ઈલેક્ટ્રોનિક્સ
- જેમ્સ અને જ્વેલરી
- કેમિકલ્સ ः
- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો (એમએસએમઈ)
- નિકાસો
- બળતરણના મિશ્રણને પ્રોત્સાહન આપવા ટેરિફનાં પગલાં

**પરિશિષ્ટો**

**પ્રવચનના ભાગ - એના પરિશિષ્ટો**

- પીએમ ડિવાઇન હેઠળના પ્રોજેક્ટોની પ્રારંભિક યાદી 30

• વધારાના અંદાજપત્રીય સંસાધનો (ઈબીઆર)નું સ્ટેટમેન્ટ (સરકારના સંપૂર્ણ સેવાપ્રાપ્ત બોન્ડ્સ, એનએસએસએફ લોન અને અન્ય સંસાધનો) 31

# બજેટ 2022-2023
# નાણાં મંત્રી નિર્મલા
# સીતારમણનું પ્રવચન
# ફેબ્રુઆરી 1, 2022

માનનીય અધ્યક્ષ શ્રી,

હું વર્ષ 2022-23 માટે અંદાજપત્ર રજૂ કરું છું.

પ્રસ્તાવના

**1.** પ્રારંભે, હું એવા લોકો માટે મારી સહાનુભૂતિ વ્યક્ત કરવા માટે થોડો સમય કાઢવા માંગુ છું જેમણે મહામારીને આરોગ્ય અને આર્થિક દ્રષ્ટિએ પ્રતિકૂળ અસરો સહન કરવી પડી હતી.

**2.** એકંદરે અર્થતંત્રની ગાડી ફરી પાટે ચઢ્યું અને તેણે વેગ પકડ્યો, એ આપણા દેશની મજબૂત સ્થિતિસ્થાપકતાનું પ્રતિબિંબ પાડે છે. વર્તમાન વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ 9.2 ટકા રહેવાનો અંદાજ છે, જે વિશ્વનાં તમામ મોટા અર્થતંત્રોમાં સૌથી વધુ છે.

**3.** આપણે અત્યારે ઓમિક્રોનના મોજાંની મધ્યે છીએ, મોટા પ્રમાણમાં કેસો નોંધાઈ રહ્યા છે, પરંતુ લક્ષણો સામાન્ય છે. ઉપરાંત, આપણા રસીકરણ અભિયાનની ઝડપ અને વ્યાપે આપણને મોટા પાયે સહાય કરી છે. સ્વાસ્થ્યને લગતી માળખાકીય સવલતોમાં મોટો સુધારો થયો હોવાને કારણે છેલ્લાં બે વર્ષમાં આપણે પડકારોને ઝીલવા મજબૂત સ્થિતિમાં છીએ. મને વિશ્વાસ છે કે સબકા પ્રયાસ સાથે આપણે મજબૂત વૃદ્ધિની યાત્રા ચાલુ રાખીશું.

**4.** માનનીય અધ્યક્ષ શ્રી, આપણે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ, અને આપણે ભારતને આઝાદીના 100 વર્ષ તરફ લઈ જતા 25 વર્ષના અમૃત કાળમાં પ્રવેશ્યા છીએ. માનનીય પ્રધાનમંત્રીએ સ્વતંત્રતા દિવસે પોતાના સંબોધનમાં

ઈન્ડિયા એટ 100 - આઝાદ ભારતનાં 100 વર્ષ માટેનું વિઝન આપ્યું હતું.

**5.** અમૃત કાળ દરમ્યાન કેટલાંક ચોક્કસ લક્ષ્યાંકો હાંસલ કરીને અમારી સરકાર આ વિઝનને સાકાર કરવાનું ધ્યેય ધરાવે છે. આ લક્ષ્યાંકો છે ઃ

- સૂક્ષ્મ-આર્થિક સ્તરના સર્વસમાવેશક કલ્યાણને મુખ્ય કેન્દ્રમાં રાખીને મેક્રો-ઈકોનોમિક લેવલના વિકાસના ફોકસને પૂરક બનાવવું,
- ડિજિટલ અર્થવ્યવસ્થા અને ફિનટેક, ટેકનોલોજીથી સુસજ્જ વિકાસ, ઊર્જા સંક્રમણ અને આબોહવાના સંરક્ષણને પ્રોત્સાહન, અને
- સાર્વજનિક મૂડી રોકાણ સાથે ખાનગી રોકાણથી શરૂ થતા સુદ્રઢ ચક્ર ઉપરનો આધાર ખાનગી રોકાણ આકર્ષવામાં મદદ કરે છે.

**6.** વર્ષ 2014થી અમારી સરકારનું ફોકસ નાગરિકો, ખાસ કરીને ગરીબ અને વંચિત વર્ગને સશક્ત બનાવવાનું રહ્યું છે. અમે લીધેલાં પગલાંઓમાં એવાં અભિયાનોને સામેલ કરાયાં છે, જેમાં લોકોને ઘર, વીજળી, રાંધણ ગેસ અને પાણી ઉપલબ્ધ બને. અમે નાણાંકીય સમાવેશીકરણ અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (લાભના સીધા હસ્તાંતરણ) સુનિશ્ચિત કરવા માટેનાં અભિયાનો પણ હાથ ધર્યાં છે. ગરીબોની તમામ તકોનો ઉપયોગ કરવાની ક્ષમતાને મજબૂત બનાવવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. વિવિધ મધ્યમ આવકના ચોકઠાંમાં વસતા વિશાળ અને વ્યાપક એવા મધ્યમ વર્ગ, તેઓ ઈચ્છે તેવી તકોનો ઉપયોગ કરવા માટે આવશ્યક ઈકોસિસ્ટમ ઉપલબ્ધ બનાવવા અમારી સરકાર સતત પ્રયત્નશીલ છે.

**7.** આ બજેટ આગામી 25 વર્ષ - ઈન્ડિયા એટ 75થી ઈન્ડિયા એટ 100 (ભારતની આઝાદીના 75થી 100 વર્ષના ગાળા)ના અમૃત કાળ માટેનો અર્થવ્યવસ્થાનો પાયો નાંખશે અને તેની બ્લુપ્રિન્ટ આપશે. વર્ષ 2021-22ના બજેટમાં જે વિઝન રજૂ કરાયું હતું, એ માર્ગે આગળ ધપવાનું ચાલુ રાખશે. તેના મૂળભૂત સિદ્ધાંતોમાં નાણાંકીય નિવેદનો અને નાણાંકીય સ્થિતિ અંગે પારદર્શકતા સામેલ હશે અને તે સરકારના ઉદ્દેશ, ક્ષમતા અને પડકારોનું પ્રતિબિંબ મળશે. જે આપણને માર્ગદર્શન આપવાનું ચાલુ રાખે છે.

**8.** પાછલા વર્ષના અંદાજપત્રનાં કાર્યોમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે અને આ અંદાજપત્રમાં પણ તેને પર્યાપ્ત ફાળવણી કરવામાં આવી છે.

**9.** સ્વાસ્થ્ય ક્ષેત્રે માળખાકીય સવલતો વધુ મજબૂત બનવી, રસીકરણ અભિયાનનો ઝડપભેર અમલ અને મહામારીના પ્રવર્તમાન મોજાને રાષ્ટ્રભરમાંથી સમજદારીપૂર્વકનો પ્રતિસાદ, વગેરે તમામ તેના પુરાવા છે.

**10.** આત્મનિર્ભર ભારતનું લક્ષ્યાંક હાંસલ કરવા માટે 14 ક્ષેત્રોમાં પ્રોડક્ટિવિટી લિન્ક્ડ ઈન્સેન્ટિવ (ઉત્પાદકતા આધારિત પ્રોત્સાહન)ને અસાધારણ પ્રતિસાદ મળ્યો છે અને આગામી પાંચ વર્ષમાં 60 લાખ નવા રોજગાર સર્જન અને રૂા. 30 લાખ કરોડનાં વધુ ઉત્પાદનની સંભાવના છે.

**11.** પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝની નવી પોલિસીના અમલને પગલે એર ઈન્ડિયાની માલિકીનું વ્યૂહાત્મક હસ્તાંતરણ સંપન્ન થયું છે. વ્યૂહાત્મક ભાગીદાર તરીકે નીલાંચલ ઈસ્પાત નિગમ લિમિટેડ (એનઆઈએનએલ)ને પસંદ કરાઈ છે. એલઆઈસીનો પબ્લિક ઈસ્યુ ટૂંક સમયમાં જ આવશે. વર્ષ 2022-23માં અન્ય પબ્લિક ઈસ્યુઓ પણ આવી રહ્યા છે.

**12**. નેશનલ બેન્ક ફોર ફાયનાન્સિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ (એનએબીએફઆઈડી) અને નેશનલ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપનીએ પોતાનાં કામકાજ શરૂ કર્યાં છે.

**13**. માનનીય અધ્યક્ષ શ્રી, વર્ષ 2021-22ના અંદાજપત્રમાં જાહેર ક્ષેત્રમાં રોકાણ કે મૂડી ખર્ચમાં મોટો વધારો કરાયો હતો. સમગ્ર વર્ષ દરમ્યાન, માનનીય પ્રધાનમંત્રી શ્રીના અમલીકરણ માટેના માર્ગદર્શનને કારણે આપણી આર્થિક પુનઃપ્રાપ્તિને અનેકગણી અસરનો લાભ મળતો રહે છે.

**14**. આ બજેટ વૃદ્ધિને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખે છે. તેની સાથે સાથે તે આ બાબતો માટે એક સમાંતર માર્ગ કંડારે છે (1) અમૃત કાળ માટેની બ્લુ પ્રિન્ટ, જે ભવિષ્યવાદી અને સમાવેશક છે. તેનાથી આપણા યુવાનો, મહિલાઓ, ખેડૂતો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને સીધો લાભ મળશે. અને (2) આધુનિક માળખાકીય સવલતો, માટે જાહેર ક્ષેત્રોમાં મોટાં રોકાણ, ભારતની આઝાદીની શતાબ્દિ સુધીમાં કરાશે. પીએમ ગતિશક્તિ હેઠળ તેનું માર્ગદર્શન કરાશે અને બહુ-આયામી અભિગમના સંયોજનનો તેને લાભ મળશે. આગળ જતાં, અમે કંડારેલો આ સમાંતર માર્ગ ચાર પ્રાથમિકતાઓને અનુસરશે ઃ

- પીએમ ગતિશક્તિ
- સમાવેશક વિકાસ
- ઉત્પાદન વૃદ્ધિ અને રોકાણ, ઊભરતી તકો, ઊર્જા સંક્રમણ અને ક્લાયમેટ એક્શન
- રોકાણો માટે ધિરાણ

**પીએમ ગતિશક્તિ**

**15.** પીએમ ગતિશક્તિ, આર્થિક વૃદ્ધિ અને સાતત્યપૂર્ણ વિકાસ માટેનો એક પરિવર્તનકારી અભિગમ છે. આ અભિગમ સાત યંત્રો વડે દોરવાય છે, જેવાં કે રસ્તા, રેલવે, એરપોર્ટસ, બંદરો, સમૂહ પરિવહન, જળમાર્ગો અને લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર. આ તમામ સાતેય યંત્રો સાથે મળીને અર્થતંત્રની ગાડી પૂરપાટ વેગે

દોડાવશે. આ યંત્રો, એનર્જી ટ્રાન્સમિશન, આઈટી કોમ્યુનિકેશન, વિપુલ પાણી અને ગટર વ્યવસ્થા તેમજ સામાજિક માળખાકીય સવલતોની પૂરક ભૂમિકાઓ દ્વારા સમર્થિત છે. અંતે, અભિગમ સ્વચ્છ ઊર્જા અને સબકા પ્રયાસ - કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો તેમજ ખાનગી ક્ષેત્રના સંયુક્ત પ્રયત્નો - દ્વારા સંચાલિત છે, જેના પગલે સહુને માટે, ખાસ કરીને યુવાનો માટે રોજગાર અને ઉદ્યોગસાહસિકતાની વિશાળ તકો સર્જાશે.

### પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન

**16**. પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન હેઠળ આર્થિક પરિવર્તન, અવરોધમુક્ત બહુઆયામી કનેક્ટિવિટી અને લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા માટે સાતેય યંત્રોને આવરી લેવાશે. ગતિશક્તિ માસ્ટર પ્લાન મુજબ રાજ્ય સરકારો દ્વારા માળખાકીય વિકાસને પણ સમાવિષ્ટ કરાશે. આયોજન, નવીન માર્ગો દ્વારા ધિરાણ સહિત નાણાં પૂરાં પાડવાં, ટેકનોલોજીનો ઉપયોગ અને ઝડપભેર અમલીકરણ ઉપર ફોકસ રહેશે.

**17**. નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈનમાં આ સાત યંત્રોને લગતા પ્રોજેક્ટો પીએમ ગતિશક્તિના માળખાને સુસંગત રહેશે. માસ્ટર પ્લાનનો માપદંડ વિશ્વ-સ્તરીય આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોકો અને માલસામાન - બંનેની વિવિધ પ્રકારની અવરજવર અને પ્રોજેક્ટ્સના સ્થાન વચ્ચે લોજિસ્ટિક્સનો તાલમેળ હશે. આ ઉત્પાદકતા વધારવા અને આર્થિક વૃદ્ધિને વેગ આપવામાં તેમજ વિકાસમાં મદદગાર નીવડશે.

### માર્ગ પરિવહન

**18**. લોકો અને માલસામાનની અવરજવર ઝડપી બને તે માટે એક્સ્પ્રેસ વેઝ માટે વર્ષ 2022-23માં પીએમ ગતિશક્તિ માસ્ટર પ્લાન ઘડવામાં આવશે. વર્ષ 2022-23માં રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું માળખું વધારીને 25,000 કિલોમીટર કરાશે. જાહેર સંસાધનોને આવશ્યક નાણાં પૂરાં પાડવા માટે ધિરાણની નવીન રીતો દ્વારા રૂપિયા 20,000 કરોડ એકત્ર કરવામાં આવશે.

### માલસામાન અને લોકોની સુગમતાપૂર્વક વિવિધ સાધનો મારફતે અવરજવર

**19**. તમામ પ્રદ્ધતિના સંચાલકો વચ્ચે માહિતીનું આદાન-પ્રદાન યુનિફાઇડ

લોજિસ્ટિક્સ ઈન્ટરફેસ પ્લેટફોર્મ (યુએલઆઈપી) ઉપર લવાશે, જે એપ્લિકેશન પ્રોગ્રામિંગ ઈન્ટરફેસ (એપીઆઈ) માટે તૈયાર કરાયું છે. આને કારણે વિવિધ પદ્ધતિઓ મારફતે માલસામાનની વધુ કાર્યક્ષમ હેરફેર કરી શકાશે, લોજિસ્ટિક્સનો ખર્ચ ઘટશે અને સમયની બચત થશે, ઈન્વેન્ટરીના સમયસર વ્યવસ્થાપનમાં મદદ મળશે અને કંટાળા ભરેલા દસ્તાવેજીકરણથી છૂટકારો મળશે. સૌથી મહત્ત્વનું, આને કારણે તમામ હિતધારકોને સમયસર માહિતી મળશે અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મકતા વધશે. પ્રવાસીઓ માટે સુગમ મુસાફરીના આયોજન માટે ઓપન-સોર્સ મોબિલિટી સ્ટેક માટે પણ સહાય મળશે.

**બહુઆયામી લોજિસ્ટિક્સ પાર્કસ**

**20**. ચાર સ્થળોએ પીપીપી મોડથી બહુઆયામી (મલ્ટીમોડાલ) લોજિસ્ટિક્સ પાર્કસના અમલીકરણ માટેના કોન્ટ્રાક્ટ્સ વર્ષ 2022-23માં અપાશે.

**રેલવેઝ**

**21**. રેલવેઝ, પાર્સલોની હેરફેર સુગમ બને તે માટેના ઉકેલો પૂરા પાડવા પોસ્ટલ અને રેલવેઝના નેટવર્કના એકીકરણમાં આગેવાની લેવા ઉપરાંત નાના ખેડૂતો તેમજ લઘુ અને મધ્યમ ઉદ્યોગ એકમો માટે નવી પ્રોડક્ટ્સ વિકસાવશે અને લોજિસ્ટિક્સ સેવાઓ વધુ કાર્યક્ષમ બનાવશે.

**22**. સ્થાનિક વેપાર-ધંધા તેમજ સપ્લાય ચેઇન્સને મદદરૂપ થવા 'વન સ્ટેશન - વન પ્રોડક્ટ' અભિગમને પ્રચલિત બનાવાશે.

**23**. આત્મનિર્ભર ભારતના ભાગરૂપે, વર્ષ 2022-23માં 2000 કિલોમીટરના નેટવર્કને સલામતિ અને ક્ષમતા વૃદ્ધિ માટેની ઘરઆંગણાની વિશ્વસ્તરીય ટેકનોલોજી - કવચ - હેઠળ લવાશે. વધુ સારી ઊર્જા કાર્યક્ષમતા અને મુસાફરીના વધુ સારા અનુભવ સાથેની અત્યંત આધુનિક ચારસો વંદે ભારત ટ્રેનો વિકાસવવામાં આવશે અને આગામી ત્રણ વર્ષમાં તેનું ઉત્પાદન હાથ ધરાશે.

**24**. બહુઆયામી લોજિસ્ટિસ્ટિક્સ સવલતો માટે આગામી ત્રણ વર્ષમાં 100 પીએમ ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ્સ વિકસાવવામાં આવશે.

**રેલવેઝની કનેક્ટિવિટી સહિત શહેરોમાં સમૂહ પરિવહન**

**25**. ધિરાણની નવીન રીતો અને ઝડપી અમલીકરણના માપદંડ ઉપર યોગ્ય પ્રકારની મેટ્રો સિસ્ટમ બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. શહેરોમાં સામુહિક પરિવહન અને રેલવે સ્ટેશનો વચ્ચે વિવિધ પ્રકારની કનેક્ટિવિટીને પ્રાથમિકતાના ધોરણે મદદ કરાશે. બાંધકામના માળખા સહિતની મેટ્રો સિસ્ટમ્સની રચના નવેસરથી ઘડાશે અને ભારતની પરિસ્થિતિઓ તેમજ જરૂરિયાતો માટે પ્રમાણીત કરાશે.

**પર્વતમાલા ઃ નેશનલ રોપવેઝ ડેવલપમેન્ટ પ્રોગ્રામ**

**26**. દુર્ગમ પર્વતીય વિસ્તારોમાં પરંપરાગત રસ્તાઓના વિકલ્પ તરીકે પર્યાવરણીય રીતે ટકાઉ એવા પસંદગીના માર્ગો માટે નેશનલ રોપવેઝ ડેવલપમેટ પ્રોગ્રામ પીપીપી ધોરણે હાથ ધરવામાં આવશે. પ્રોગ્રામનું ધ્યેય પ્રવાસનને પ્રોત્સાહન આપવા ઉપરાંત મુસાફરોને વધુ સારી કનેક્ટિવિટી અને સગવડ આપવાનું છે. આ યોજના હેઠળ એવા ગીચ શહેરી વિસ્તારોને પણ આવરી લેવાશે, જ્યાં પરંપરાગત સામુહિક પરિવહન વ્યવસ્થા વ્યવહારુ નથી. 60 કિલોમીટરની લંબાઈના આઠ રોપવે પ્રોજેક્ટો માટે વર્ષ 2022-23માં કોન્ટ્રાક્ટ્સ અપાશે.

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો માટે ક્ષમતા નિર્માણ**

**27**. કેપિસિટી બિલ્ડિંગ કમિશનના ટેકનિકલ સપોર્ટ દ્વારા કેન્દ્રિય મંત્રાલયો, રાજ્ય સરકારો તેમજ તેમની ઈન્ફ્રા-એજન્સીઓ પોતાનાં કૌશલ્યો અપગ્રેડ કરશે. આને કારણે પીએમ ગતિશક્તિ હેઠળના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોના આયોજન, ડિઝાઈન, નાણાં એકત્ર કરવાં (નવીન માર્ગો સહિત) તેમજ અમલીકરણ વ્યવસ્થાપનમાં ક્ષમતા વધારો થશે.

## સમાવેશક વિકાસ

### કૃષિ

**28**. વર્ષ 2021-22ની રવી સિઝનમાં ઘઉંની સરકારી ખરીદી અને વર્ષ 2021-22ના ખરીફમાં ડાંગરની અંદાજિત ખરીદી હેઠળ 1208 લાખ મેટ્રિક ટન ઘઉં 163 લાખ ખેડૂતો પાસેથી ખરીદવામાં આવશે અને તેમના ખાતાંમાં રૂા. 2.37 લાખ કરોડ લઘુતમ ટેકાના ભાવની ચૂકવણી પેટે બારોબાર જમા કરાશે.

**29**. સમગ્ર દેશમાં રસાયણ-મુક્ત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન અપાશે, જેના પહેલા તબક્કામાં ગંગા નદીની સાથેના પાંચ કિલોમીટર પહોળા કોરિડોર્સમાં આવેલી ખેડૂતોની જમીનો ધ્યાન ઉપર લેવાશે.

**30**. વર્ષ 2023 આંતરરાષ્ટ્રીય જાડાં ધાનના વર્ષ તરીકે જાહેર કરાયું છે. લણણી પછીના મૂલ્ય વર્ધન માટે, ઘરઆંગણાનો વપરાશ વધારવા માટે અને જાડાં ધાનનાં ઉત્પાદનોનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે બ્રાન્ડિંગ કરવા માટે સહાય કરાશે.

**31**. તેલીબિયાંની આયાત ઉપરની નિર્ભરતા ઘટાડવા માટે ઘરઆંગણે તેલીબિયાંના ઉત્પાદનની તર્કસંગત અને વ્યાપક યોજના અમલી બનાવાશે.

**32**. જાહેર ક્ષેત્રની સંશોધન અને વિસ્તરણ સંસ્થાઓની સાથે ખાનગી એગ્રી-ટેક પ્લેયર્સ અને એગ્રી-વેલ્યુ ચેઈનના હિતધારકોની સંડોવણી સાથે ખેડૂતોને ડિજિટલ અને હાઈ-ટેક સેવાઓ પહોંચાડવા માટે, પીપીપી મોડમાં એક યોજના શરૂ કરવામાં આવશે.

**33**. પાકની આકારણી, જમીનના દસ્તાવેજોના ડિજિટાઈઝેશન, જંતુનાશકો અને પોષક તત્ત્વોના છંટકાવ માટે 'કિસાન ડ્રોન્સ'ને પ્રોત્સાહન અપાશે.

**34**. પ્રાકૃતિક, ઝીરો બજેટ અને ઓર્ગેનિક ખેતી, આધુનિક કૃષિ પદ્ધતિઓ, મૂલ્ય વર્ધન અને વ્યવસ્થાપનની જરૂરિયાતોને પહોંચી વળવા કૃષિ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોને નવેસરથી ઘડવા માટે રાજ્યોને પ્રોત્સાહિત કરાશે.

**35**. સહ-રોકાણના મોડેલ હેઠળ એકત્ર કરેલી મિશ્રિત મૂડી સાથેનું ભંડોળ નાબાર્ડ મારફતે પૂરું પડાશે. આ ભંડોળમાંથી કૃષિ અને કૃષિ ઉપજની વેલ્યુ ચેઇનને સંબંધિત

ગ્રામીણ એકમોનાં સ્ટાર્ટઅપ્સને ધિરાણ પૂરાં પાડશે. આ સ્ટાર્ટઅપ્સની પ્રવૃત્તિઓમાં એફપીઓ માટે પરસ્પર સહાય, ખેડૂતોને ખેતરમાં ભાડેથી મશીનરી ઉપલબ્ધ કરાવવી તેમજ આઈટી-આધારિત સપોર્ટ સહિત ટેકનોલોજી સામેલ કરાશે.

**કેન બેતવા પ્રોજેક્ટ અને અન્ય નદીઓના જોડાણના પ્રોજેક્ટો**

**36**. રૂા. 44,605 કરોડના અંદાજિત ખર્ચે કેન-બેતવા લિન્ક પ્રોજેક્ટનું અમલીકરણ હાથ ધરાશે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ ખેડૂતોની 9.08 લાખ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ આપવાનો, 62 લાખ લોકોને પીવાના પાણીનો પુરવઠો પહોંચાડવાનો, 103 મેગાવોટ હાઈડ્રો અને 27 મેગાવોટ સોલર પાવરના ઉત્પાદનનો છે. આ પ્રોજેક્ટ માટે આરઈ 2021-22માં રૂા. 4300 કરોડ અને વર્ષ 2022-23માં રૂા. 1400 કરોડની ફાળવણી કરવામાં આવી છે.

**37**. દમણગંગા - પિંજલ, પાર - તાપી - નર્મદા, ગોદાવરી - કૃષ્ણા, કૃષ્ણા - પેન્નાર અને પેન્નાર - કાવેરી -- આ પાંચ નદીઓના જોડાણ માટે ડ્રાફ્ટ ડીપીઆરને મંજૂરી અપાઈ છે. લાભ મેળવનારા રાજ્યો વચ્ચે સહમતિ સધાય એટલે કેન્દ્ર સરકાર અમલીકરણ માટે મદદ પૂરી પાડશે.

**ખાદ્ય પ્રસંસ્કરણ**

38. ફળો અને શાકભાજીઓની ઉપરોક્ત જાતોને અપનાવવા માટે અને ઉત્પાદન તેમજ પાકની લણણી માટે યોગ્ય ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે ખેડૂતોને સહાય કરવાના ઉદ્દેશથી અમારી સરકાર રાજ્ય સરકારોની ભાગીદારીથી એક વ્યાપક પેકેજ પ્રદાન કરશે.

**એમ.એસ.એમ.ઈ.**

**39**. ઉદ્યમ, ઇ-શ્રમ, NCS અને અસીમ (ASEEM) પોર્ટલને ફરીથી જોડવામાં આવશે. તેના પરિઘમાં પણ વિસ્તરણ કરવામાં આવશે. હવે તે એવા પોર્ટલ તરીકે કામ કરશે જેમાં લાઇવ, ઓર્ગેનિક ડેટાબેઝ રહેશે અને તે G2C, B2C અને B2B સેવાઓ પૂરી પાડશે. આ સેવાઓને ક્રેડિટ સુવિધા, કૌશલ્ય વિકાસ અને ભરતી સાથે જોડવામાં આવશે અને તેનો ઉદ્દેશ અર્થતંત્રને વધારે સરળ બનાવવાનો તેમજ સૌના માટે ઉદ્યમ માટેની તકો પૂરી પાડવાનો રહેશે.

**40**. ઇમરજન્સી ક્રેડિટ લાઇન ગેરેન્ટી યોજના (ECLGS) અંતર્ગત 130 લાખ કરતાં વધારે MSMEને અંત્યત જરૂરી અને વધારાનું ધીરાણ પ્રદાન કરવામાં આવ્યું છે. તેનાથી તેમને આ મહામારીના કારણે થયેલી પ્રતિકૂળ અસરોમાંથી રાહત મેળવવામાં મદદ મળી છે. હોસ્પિટલિટી અને તેની સાથે જોડાયેલી સેવાઓ, જેમાં ખાસ કરીને જે સુક્ષ્મ અને લઘુ એકમો દ્વારા પૂરી પાડવામાં આવે છે, તેને હજુ પણ મહામારીના પહેલાના સ્તર સુધી પોતાનો કારોબાર લાવવાનો છે. આ સંદર્ભો પર વિચાર કર્યા પછી ECLGSને માર્ચ 2023 સુધી લંબાવવામાં આવશે અને તેની ગેરેન્ટીના પરિઘને 50,000 કરોડ રૂપિયાથી વધારીને રૂપિયા 5 લાખ કરોડ સુધી વિસ્તૃત કરવામાં આવ્યો છે તેમજ હોસ્પિટલિટી અને તેની સાથે સંકળાયેલા એકમો માટે અનન્ય રીતે વધારાની સહાયતા નિર્ધારિત કરવામાં આવી રહી છે.

**41**. અપેક્ષિત નાણાં ખર્ચીને 'ક્રેડિટ ગેરેન્ટી ટ્રસ્ટ ફોર માઇક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઇઝિસી (CGTMSE) યોજના'ને પુનર્જિવિત કરવામાં આવશે. તેનાથી સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને 2 લાખ કરોડ રૂપિયાનું વધારાનું ધીરાણ પ્રાપ્ત

થઇ શકશે અને રોજગારીની તકોનું સર્જન પણ થઇ થશે.

**42**. 5 વર્ષમાં 6000 કરોડ રૂપિયાના ખર્ચથી ‘રેજિંગ એન્ડ એક્સલરેટિંગ MSME પરફોર્મન્સ (RAMP) પ્રોગ્રામ’નો પ્રારંભ કરવામાં આવશે જેનાથી MSME ક્ષેત્રને વધારે પ્રતિરોધન ક્ષમતાથી સજ્જ બનાવી શકાશે અને તે પ્રતિસ્પર્ધાત્મક અને સક્ષમ રહેશે.

**કૌશલ્ય વિકાસ**

**43**. કૌશલ્ય વિકાસ કાર્યક્રમો અને ઉદ્યોગો સાથે ભાગીદારીને નવી દિશા આપી શકાશે જેનાથી કૌશલ્યના આયામોને સતત પ્રોત્સાહન મળતું રહેશે અને તેમાં સ્થાયિત્વ તેમજ રોજગારની ક્ષમતામાં વધારો થશે. ‘નેશનલ સ્કીલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (NSQF)’ને પ્રગતિશીલ ઔદ્યોગિક આવશ્યકતાઓને અનુરૂપ કરવામાં આવશે.

**44**. ડિજિટલ ઇકોસિસ્ટમ ફોર સ્કિલિંગ એન્ડ લાઇવલીહુડ – The DESH – સ્ટેક ઇ-પોર્ટલ શરૂ કરવામાં આવશે. તેનો ઉદ્દેશ નાગરિકોને એ પ્રકારે સશક્ત બનાવવાનો છે જે ઑનલાઇન ટ્રેડિંગના માધ્યમથી પોતાના કૌશલ્યનો વિકાસ કરી શકે, ફરીથી પ્રાપ્ત કરી શકે અથવા પોતાના કૌશલ્યમાં ઉત્કૃષ્ટતા લાવી શકે. તે અંતર્ગત એપીઆઇ આધારિત ટ્રસ્ટેડ સ્કિલ ક્રેડેન્શિઅલ્સ પ્રદાન કરવામાં આવશે અને તે અનુસાર ચુકવણી પણ કરવામાં આવશે તેમજ તેમને નવા ‘ડિસ્કવરી લેટર્સ’ પૂરા પાડવામાં આવશે જેથી તેઓ યથાયોગ્ય રોજગારી અને ઉદ્યમસાહસિકતાની તકોનો લાભ પ્રાપ્ત કરી શકે.

**45**. વિવિધ પ્રકારના અનુપ્રયોગોના માધ્યમથી ‘ડ્રોન શક્તિ’ની સુવિધા પૂરી પાડવા માટે ડ્રોન- એઝ- અ- સર્વિસ (DrAAS) માટે સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવામાં આવશે. તમામ રાજ્યોના પસંદગીના ITIમાં કૌશલ્ય વિકાસ માટે અપેક્ષિત અભ્યાસક્રમો ચલાવવામાં આવશે.

**ગુણવત્તાપૂર્ણ શિક્ષણનું સાર્વત્રિકરણ**

**46**. આ મહામારીના કારણે શાળાઓ બંધ રહેવાતી આપણા બાળકો જેમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાંથી આપવા બાળકો તેમજ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સાથે તેમજ અન્ય પછાત વર્ગ સાથે જોડાયેલા બાળકો, લગભગ બે વર્ષ જેટલા સમયથી ઔપચારિક શિક્ષણથી વંચિત રહેવાની સ્થિતિનું નિર્માણ થયું છે. મોટાભાગના આ બાળકો સરકારી શાળાઓમાં અભ્યાસ કરી રહ્યા છે. અમે અનુપૂરક શિક્ષણ આપવા માટે અને શિક્ષણના હેતુથી એક ઉત્કર્ષશીલ તંત્ર તૈયાર કરવાની જરૂરિયાતને સ્વીકારીએ છીએ. આ ઉદ્દેશથી પીએમ ઇ-વિદ્યાના ‘વન ક્લાસ વન ટીવી ચેનલ’ કાર્યક્રમને 12 ટીવી ચેનલોથી વધારીને 200 ટીવી ચેનલો સુધી લઇ જવામાં આવશે. તેનાથી તમામ રાજ્યો 1થી 12મા ધોરણ સુધીના વિદ્યાર્થીઓ માટે પોતાની પ્રાદેશિક ભાષાઓમાં અનુપૂરક શિક્ષણ પૂરું પાડી શકશે.

**47**. પ્રોફેશનલ અભ્યાસક્રમ અંતર્ગત અત્યંત મહત્વપૂર્ણ ચિંતન કૌશલ્યને પ્રોત્સાહન આપવા માટે તેમજ રચનાત્મકતાને સ્થાન આપવા માટે વર્ષ 2022-23માં વિજ્ઞાન અને ગણિતમાં 750 વર્ચ્યુઅલ પ્રયોગશાળાઓ અને સમકાલિક શિક્ષણ પરિવેશન માટે 75 સ્કિલિંગ ઇ-લેબ્સની સ્થાપના કરવામાં આવશે.

**48**. ઇન્ટરનેટ, મોબાઇલ ફોન, ટીવી અને રેડિયો પર ડિજિટલ ટીચરોના માધ્યમથી ત્યાંની બોલી જાણતા હોય તેવી ભાષામાં ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ ઇ-કન્ટેન્ટ તૈયાર કરવામાં આવશે અને તે પૂરું પાડવામાં આવશે.

**49**. અધ્યાપકોને ગુણવત્તાપૂર્ણ ઇ-કન્ટેન્ટ તૈયાર કરવામાં શિક્ષણના અંતર્ગત ડિજિટલ ઉપકરણોથી સશક્ત

બનાવવા માટે અને સુસજ્જિત કરવા માટે તેમજ બહેતર શિક્ષણ પરિણામ પ્રાપ્ત કરવા માટે એક પ્રતિસ્પર્ધક તંત્રની સ્થાપવા કરવામાં આવશે.

**ડિજિટલ યુનિવર્સિટી**

**50**. સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓને તેમના દ્વાર પર વ્યક્તિગત કરવામાં આવેલા અભ્યાસના અનુભવ સાથે વિશ્વ કક્ષાનું ગુણવત્તાપૂર્ણ સર્વસુલભ શિક્ષણ પ્રદાન કરવા માટે એક ડિજિટલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે. તે વિવિધ ભારતીય ભાષાઓ અને ICT ફોર્મેટમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ યુનિવર્સિટી નેટવર્ક આધારિક હબ- સ્પોક મોડેલ પર તૈયાર કરવામાં આવશે જેમાં હબ ભવન અત્યાધુનિક ICT સુવિધાઓથી સજ્જ રહેશે. દેશની સર્વશ્રેષ્ઠ સાર્વજનિક યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ હબ- સ્પોકના નેટવર્કના રૂપમાં સહયોગ આપશે.

**આયુષમાન ભારત ડિજિટલ મિશન**

**51**. 'નેશનલ ડિજિટલ હેલ્થ ઇકો સિસ્ટમ' માટે એક ઓપન પ્લેટફોર્મ ચાલુ કરવામાં આવશે. તેમાં ચિકિત્સા કર્મચારીઓ અને સ્વાસ્થ્ય સુવિધાઓ, અદ્વિતિય સ્વાસ્થ્ય ઓળખ, કોન્સન્ટ ફ્રેમવર્ક અને તમામ લોકો માટે સ્વાસ્થ્ય સુવિધાઓની ઉપલબ્ધતાને ડિજિટલ રૂપમાં નોંધવામાં આવશે.

**નેશનલ ટેલિમેન્ટલ હેલ્થ પ્રોગ્રામ**

**52**. આ મહામારીએ તમામ ઉંમરના લોકોમાં માનસિક સ્વાસ્થ્યની સમસ્યા વધારી છે. ગુણવત્તાપૂર્ણ માનસિક સલાહસૂચન અને સ્વાસ્થ્ય પરામર્શ અને સંભાળ સેવાઓ સુધીની બહેતર પહોંચ સ્થાપિત કરવા માટે એક 'નેશનલ ટેલિમેન્ટલ હેલ્થ પ્રોગ્રામ' શરૂ કરવામાં આવશે. તેમાં 23 ઉત્કૃષ્ટ ટેલિમેન્ટલ હેલ્થ સેન્ટર્સનું એક નેટવર્ક રહેશે જેમાં NIMHANS (નિમ્હાસ) એક નોડલ સેન્ટર તરીકે કામ કરશે અને ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યુટ ફોર ટેકનોલોજી – બેંગલુરૂ (IIITB) ટેકનિકલ સહાયતા પૂરી પાડવાનું કામ કરશે.

**મિશન શક્તિ, મિશન વાત્સલ્ય, સક્ષમ આંગણવાડી એન્ડ પોષણ 2.0**

**53**. નારીશક્તિને આપણા ઉજ્જવળ ભવિષ્ય માટે એક અગ્રદૂત તરીકે મહત્વ આપવાની વાતનો સ્વીકાર કરીને અને આ અમૃતકાળના તબક્કા દરમિયાન આપણા મહિલા આધારિત વિકાસના કાર્યોને ધ્યાનમાં રાખીને સરકારે મહિલા અને બાળક કલ્યાણ મંત્રાલયની યોજનાઓને પુનર્જિવિત કરી છે. તદઅનુસાર, ત્રણ યોજનાઓ એટલે કે, મિશન શક્તિ, મિશન વાત્સલ્ય તેમજ સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0ને શરૂ કરવામાં આવશે જેનાથી મહિલાઓ અને બાળકોને સમુચિત રીતે લાભ પ્રાપ્ત થશે. સક્ષમ આંગણવાડીઓ નવી પેઢીની આંગણવાડીઓ છે અને તેમની પાસે બહેતર માળખાકીય સુવિધાઓ અને ઓડિટો તેમજ વિઝ્યુઅલ સહાયતા સામગ્રી પણ ઉપલબ્ધ છે તેમજ તેમને સ્વચ્છ ઊર્જાથી સંપન્ન કરવામાં આવી છે અને તેઓ બાળકોના પ્રારંભિક વિકાસ માટે ઉન્નત માહોલ પણ પ્રદાન કરી રહી છે. આ યોજના અંતર્ગત 2 લાખ આંગણવાડીઓને સક્ષમ આંગણવાડી તરીકે અપગ્રેડ કરવામાં આવશે.

**હર ઘર, નલ સે જલ**

**54**. 'હર ઘર, નલ સે જલ' અંતર્ગત હાલમાં 8.7 કરોડ કરોડ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે. તેમાંથી 5.5 કરોડ પરિવારોને છેલ્લા 2 વર્ષ દરમિયાન નળના માધ્યમથી પાણી ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. વર્ષ 2022-23 માં 3.8 કરોડ પરિવારોને આવરી લેવા માટે 60,000 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

**સૌના માટે આવાસ**

**55**. વર્ષ 2022-23માં ગ્રામીણ અને શહેરી બંને પ્રકારના વિસ્તારોમાં PMAYના ઓળખી કાઢવામાં આવેલા અને પાત્રતા ધરાવતા લાભાર્થીઓ માટે 80 લાખ મકાન તૈયાર કરવામાં આવશે. આ ઉદ્દેશ માટે રૂપિયા 48,000 કરોડની ફાળવણી કરવામાં આવી છે.

**56**. કેન્દ્ર સરકાર શહેરી વિસ્તારોમાં મધ્યમ આવકના વર્ગ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે સસ્તા મકાનોના નિર્માણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી તમામ પ્રકારની જમીન અને નિર્માણ સંબંધિત મંજૂરીઓમાં લાગતા સમયમાં બચત કરવા માટે રાજ્ય સરકારો સાથે મળીને કામ કરશે. અમે આર્થિક ક્ષેત્રના નિયમાકો સાથે મળીને પણ કામ કરીશું જેથી ભંડોળ સુલભ થઇ શકે અને મધ્યસ્થતા પર આવનારા ખર્ચમાં પણ ઘટાડો આવી શકે.

પ્રધાનમંત્રી પૂર્વોત્તર પ્રદેશ વિકાસ પહેલ (PM-DevINE)

**57**. પૂર્વોત્તર પરિષદના માધ્યમથી 'પ્રધાનમંત્રી પૂર્વોત્તર પ્રદેશ વિકાસ પહેલ (PM-DevINE)' નામથી એક નવી યોજના ચલાવવામાં આવશે. તેનાથી પીએમ- ગતિશક્તિની ભાવનાને અનુરૂપ પૂર્વોત્તર પ્રદેશની જરૂરિયાતો અનુસાર માળખાકીય સુવિધાઓ અને સામાજિક વિકાસની પરિયોજનાઓ માટે ફાઇનાન્સિંગ કરી શકાશે. તેનાથી યુવકો અને મહિલાઓને આજીવિકા સંબંધિત પ્રવૃત્તિઓ સુલભ થઇ શકશે અને વિવિધ વિસ્તારોમાં વ્યાપેલા અંતરને સમાપ્ત કરી શકાશે. આ કોઇ કેન્દ્ર અથવા રાજ્યની વર્તમાન યોજનાઓનો વિકલ્પ નહીં હોય. જ્યારે કેન્દ્રીય મંત્રાલય પોતાની પરિયોજનાઓને લાવી શકે છે પરંતુ પ્રાથમિકતા માત્ર એને જ આપવામાં આવશે જે રાજ્ય દ્વારા લાવવામાં આવી હશે. તેના માટે 1500 કરોડ રૂપિયાની પ્રારંભિક ફાળવણી કરવામાં આવી રહી છે અને પરિયોજનાઓની પ્રારંભિક યાદી **પરિશિષ્ટ -1**માં આપવામાં આવી છે.

**મહત્વાકાંક્ષી તાલુકા કાર્યક્રમ**

**58**. દેશના અત્યંત દુર્ગમ અને પછાત જિલ્લામાં રહેતા નાગરિકોને જીવનની ગુણવત્તામાં સુધારો લાવવા માટે અમારું જે સપનું હતું તે મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમને બહુ ઓછા સમયમાં સાકાર કરવામાં આવ્યો છે. આ 112 જિલ્લાના 95 ટકા હિસ્સામાં સ્વાસ્થ્ય, પોષણ, નાણાકીય સ્થિતિ અને પાયાની માળખાકીય સુવિધાઓ જેવા મુખ્ય ક્ષેત્રોમાં ખૂબ જ નોંધનીય પ્રગતિ જોવા મળી છે. તે રાજ્યોના સરેરાશ મૂલ્યને પણ ઓળંગી ગઇ છે. જોકે, આ જિલ્લાઓના કેટલાક તાલુકા હજુ પણ પછાત સ્થિતિમાં છે. 2022-23માં આ કાર્યક્રમ અંતર્ગત એ જ જિલ્લાઓના આવા જ તાલુકાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

**વાઇબ્રન્ટ વિલેજ કાર્યક્રમ**

**59**. સરહદી ગામડાંઓ, જ્યાં વસ્તી સમુદાયો છુટાછવાયા વસેલા હોય, તેમની કનેક્ટિવિટી અને પાયાની માળખાકીય સુવિધાઓ ખૂબ જ મર્યાદિત છે અને તેઓ વિકાસના લાભોથી વંચિત છે, ઉત્તરીય સીમાના આવા જ ગામડાંઓને આ નવા 'વાઇબ્રન્ટ વિલેજ કાર્યક્રમ' હેઠળ લાવવામાં આવશે. અહીંની પ્રવૃત્તિઓમાં ગામડાઓની પાયાની માળખાકીય સુવિધાઓ, આવાસ, પર્યટન કેન્દ્રોના નિર્માણ, માર્ગ કનેક્ટિવિટી, વિકેન્દ્રિત નવીનીકરણીય ઊર્જાની વ્યવસ્થા છે, દૂરદર્શન અને શિક્ષણ ચેનલો માટે 'ડાયરેક્ટ ટૂ હોમ ઍક્સેસ'ની વ્યવસ્થા અને આજીવિકા સર્જન માટે સહાયતા જેવા કાર્યો કરવામાં આવશે. આ પ્રવૃત્તિઓ માટે વધારાનું ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે. વર્તમાન યોજનાઓને એક સાથે ભેળવી દેવામાં આવશે. અમે તેના પરિણામોની

સમીક્ષા કરીશું અને સતત તેના પર દેખરેખ પણ રાખીશું.

કોઇપણ સમયે ક્યાંય પણ પોસ્ટ ઓફિસમાં બચત

**60**. 2022માં સો ટકા 1.5 લાખ પોસ્ટ ઓફિસોમાં કોર બેન્કિંગ સિસ્ટમ ચાલુ કરવામાં આવશે જેનાથી ‘ફાઇનાન્સિઅલ સર્વસમાવેશીતા’ શક્ય બનાવી શકાશે અને નેટબેન્કિંગના માધ્યમથી પોતાનું ખાતું જોઇ શકાશે, અહીં મોબાઇલ બેન્કિંગ પણ થશે, ATMની સુવિધા પણ હશે અને પોસ્ટઓફિસના ખાતામાંથી બેંક વચ્ચે પૈસા ટ્રાન્સફર કરવાની સુવિધા પણ ઉપલબ્ધ થઇ શકશે. તેનાથી ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં રહેતા ખેડૂતો અને વરિષ્ઠ નાગરિકો માટે ‘ઇન્ટર- ઓપરેટિબિલિટી અને નાણાકીય સર્વસમાવેશીતા’ની સુવિધા ઉપલબ્ધ થશે.

**ડિજિટલ બેન્કિંગ**

**61**. હાલના વર્ષોમાં ભારતમાં ડિજિટલ બેન્કિંગ, ડિજિટલ પેમેન્ટ્સ અને ફિનટેક જેવા આવિષ્કારી કાર્યોમાં ઝડપથી વૃદ્ધિ થઇ છે. સરકાર આ ક્ષેત્રોને સતત પ્રોત્સાહન આપી રહી છે જેથી ડિજિટલ બેન્કિંગનો લાભ ‘યુઝર ફ્રેન્ડલી’ (વપરાશકર્તાને અનુકૂળ) રીતે દેશના ખૂણે ખૂણા સુધી પહોંચાડી શકાય. આ લક્ષ્ય તરફ આગળ વધીને અને આપણી આઝાદીના 75 વર્ષની ઉજવણી સાથે આ પ્રસ્તાવ મૂકવામાં આવે છે કે, અનુસૂચિત વાણિજ્યિક (કોમર્શિયલ) બેંકો દ્વારા દેશના 75 જિલ્લામાં 75 ડિજિટલ બેન્કિંગ યુનિટ્સ (DBU)ની સ્થાપના કરવામાં આવશે.

**ડિજિટલ પેમેન્ટ્સ**

**62**. અગાઉના બજેટમાં ‘ડિજિટલ પેમેન્ટ્સ ઇકોસિસ્ટમ’ માટે નાણાકીય સમર્થનની જે જાહેરાત કરવામાં આવી હતી તે 2022-23માં પણ ચાલુ રાખવામાં આવશે. તેનાથી ડિજિટલ પેમેન્ટ્સને વવધારે લોકો દ્વારા અપનાવવામાં આવે તેને પ્રોત્સાહિત કરી શકાશે. તે અંતર્ગત પેમેન્ટ પ્લેટફોર્મના ઉપયોગને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે જે ઇકોનોમિકલ અને યુઝર ફ્રેન્ડલી હોય છે.

**ઉત્પાદકતા સંવર્ધન અને રોકાણ, ઉદયમાન અવસર (સનરાઇઝ તકો), ઊર્જા ટ્રાન્ઝિશન અને જળવાયુ સંબંધિત પગલાં**

**ઉત્પાદકતા સંવર્ધન અને રોકાણ**

**ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ 2.0 અને ઇઝ ઓફ લિવિંગ**

**63**. છેલ્લા બે વર્ષમાં 25,000 કરતાં વધારે અનુપાલનોને ઓછા કરી દેવામાં આવ્યા છે અને 1486 સંઘીય કાયદાઓ નાબૂદ કરવામાં આવ્યા છે. ‘મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ’ (સરકારનો લઘુતમ હસ્તક્ષેપ, મહત્તમ સુશાસન) આ સરકારની એ મજબૂત કટિબદ્ધતાનું પરિણામ છે જે અંતર્ગત તે ‘મિનિમમ ગવર્મેન્ટ અને મેક્સિમમ ગવર્નન્સ’, લોકોમાં અમારો વિશ્વાસ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ પ્રત્યે સમર્પિત છે.

**64**. આ અમૃતકાળમાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ EODB 2.0 અને ઇઝ ઓફ લિવિંગના બીજા તબક્કાની શરૂઆત કરવામાં આવશે. અમે નાણાંની ઉત્પાદક ક્ષમતા અને માનવ સંસાધનમાં સુધારો લાવવા માટેના અમારા પ્રયાસોમાં ‘રાઇટ ટુ નો’ના બદલે ‘નીડ ટુ નો’ સિદ્ધાંત અને સાથે સાથે જ ‘વિશ્વાસ આધારિત શાસન (ટ્રસ્ટ વેસ્ટ ગવર્નન્સ)’ સિદ્ધાંતનું પાલન કરીશું.

**65**. આ નવા તબક્કાની દિશા રાજ્યોની સક્રિય ભાગીદારી, માનવ પ્રક્રિયા અને હસ્તક્ષેપના ડિજિટાઇઝેશન, IT બ્રીજના માધ્યમથી કેન્દ્ર અને રાજ્ય સ્તરીય વ્યવસ્થાના સંયોજન, નાગરિક કેન્દ્રિત સેવાઓ માટે સિંગલ પોઇન્ટ

એક્સેસ અને માનકીકરણથી તેમજ પરસ્પર વ્યાપક અનુપાલનના સમાપનથી નિર્ધારિત થશે. જનતા પાસેથી સૂચનો પ્રાપ્ત કરવા માટે અને તેના પ્રભાવના આધારભૂત સ્તર પર આકલન કરવાની સાથે સાથે નાગરિકો અને વેપારીઓની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહિત કરવામાં આવશે.

**ગ્રીન ક્લિઅરન્સિસ**

**66**. ગ્રીન ક્લિઅરન્સિસ માટે 'PARIVESH' (પરિવેશ) નામના એક સિંગલ વિન્ડો પોર્ટલની શરૂઆત 2018માં કરવામાં આવી હતી. તેનાથી મંજૂરી માટે અપેક્ષિત સમયમાં પૂરતા પ્રમાણમાં ઘટાડો લાવી શકાયો છે. આ પોર્ટલના પરિઘને હવે આગળ વધારવામાં આવશે. જેનાથી અરજીકર્તા જાણકારી પ્રાપ્ત કરી શકે. 'એકમો'ના સ્થાનના આધારે ખાસ પ્રકારની મંજૂરીઓ અંગે જાણકારી આપવામાં આવશે. તેનાથી સિંગલ વિન્ડો ફોર્મના માધ્યમથી તમામ ચારેય મંજૂરીઓ માટે અરજી કરી શકાશે અને સેન્ટ્રલાઇઝ્ડ પ્રોસેસિંગ સેન્ટર – ગ્રીન (CPC-ગ્રીન) પ્રક્રિયાની તાલીમનું ટ્રેકિંગ કરી શકાશે.

**ઇ-પાસપોર્ટ**

**67**. 2022-23માં એમ્બેડેડ ચીપ અને ભવિષ્યની ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઇ-પાસપોર્ટ ઇશ્યુ કરવાની શરૂઆત કરવામાં આવશે જેનાથી અહીંના નાગરિકોને વિદેશ યાત્રામાં વધારે સુવિધા પ્રાપ્ત થશે.

**શહેરી વિકાસ**

**68**. આઝાદ ભારતના જ્યારે 100 વર્ષ પૂરા થઇ જશે ત્યારે આપણી અડધાથી વધારે વસ્તી શહેરી વિસ્તારોમાં વસવાટ કરતી હશે તેવી સંભાવનાઓ રહેશે. આવી સ્થિતિ માટે તૈયાર થવા માટે એક સુવ્યવસ્થિત શહેરી વિકાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેનાથી દેશની આર્થિક ક્ષમતાનો ઉપયોગ કરી શકાશે જેમાં વસ્તી વિષયક લાભાંશ માટે આજીવિકા સંબંધિત તકો પણ આવે છે, તેના માટે અહીં એક તરફ આપણે મેગા સિટીઓના પોષણની જરૂરિયાત હોવાથી આસપાસના વિસ્તારોને આર્થિક વિકાસના વર્તમાન કેન્દ્રોના રૂપમાં વિકસાવવાની પણ જરૂર છે. તો બીજી બાજુ, આપણે ટીઅર 2 અને ટીઅર 3 શહેરોમાં સુવિધા પૂરી પાડવાની જરૂર છે જેનાથી ભવિષ્ય માટે તેમને બાહ્ય કવચના રૂપમાં તૈયાર કરી શકાય. તેના માટે જરૂરી છે કે, આપણે આપણા શહેરોને જીવનના દીર્ઘકાલિન માર્ગોના કેન્દ્ર તરીકે જોઇએ જેમાં સૌના માટે અને ખાસ કરીને મહિલાઓ તેમજ યુવાનો માટે તકો ઉપલબ્ધ હોય. આવું થાય તેના માટે શહેરી આયોજનનો સામાન્ય દૃષ્ટિકોણ (બિઝનેસ એઝ યુઝ્યુઅલ એપ્રોચ)થી ચાલવું સંભવ નથી. આપણે મૂળભૂત પરિવર્તન લાવવાની યોજના બનાવવાની છે.

**69**. શહેરી ક્ષેત્રની નીતિઓ, ક્ષમતા નિર્માણ, આયોજન, અમલીકરણ, પ્રશાસન અંગે ભલામણો કરવા માટે પ્રતિષ્ઠિત શહેરી આયોજકો, શહેરી અર્થશાસ્ત્રીઓ અને સંસ્થાઓની એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવશે.

**રાજ્યોને શહેરી આયોજનમાં સહાયતા**

**70**. શહેરી ક્ષમતા નિર્માણ માટે રાજ્યોની સહાયતા કરવામાં આવશે. ભવન સંબંધિત પેટાનિયમોના આધુનિકીકરણ ટાઉન પ્લાનિંગ યોજનાઓ અને પરિવહનલક્ષી વિકાસ લાગુ કરવામાં આવશે. તેનાથી જન પરિવહન વ્યવસ્થાઓની સાથે લોકોને રહેવા અને નીકટતાથી કામ કરવા સંબંધિત સુધારા આવશે. જાહેર પરિવહન પરિયોજનાઓ અને અમૃત યોજના માટે આપવામાં આવતી કેન્દ્ર સરકારની આર્થિક સહાયતાનો લાભ કાર્ય યોજનાઓ તૈયાર કરવા માટે અને તેના અમલીકરણ માટે તેમજ રાજ્યો દ્વારા ટાઉન પ્લાનિંગ

યોજનાઓ અને પરિવહનલક્ષી વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવશે.

**71**. શહેરી આયોજન અને ડિઝાઇનમાં ભારત વિશિષ્ટ જ્ઞાન વિકસાવે અને આ ક્ષેત્રોમાં પ્રમાણિત તાલીમ પ્રદાન કરવામાં આવે તે માટે વિવિધ ક્ષેત્રોમાં હાલની પાંચ શિક્ષણ સંસ્થાઓને ઉત્કૃષ્ટતા કેન્દ્રો તરીકે નિયુક્ત કરવામાં આવશે. આ કેન્દ્રોને પ્રત્યેક માટે 250 કરોડ રૂપિયાની અનુદાન રકમ આપવામાં આવશે. આ ઉપરાંત, અખિલ ભારતીય ટેકનિકલ શિક્ષણ પરિષદ અભ્યાસક્રમ, ગુણવત્તા સુધારવા અને અન્ય સંસ્થાઓમાં શહેરી આયોજન અભ્યાસક્રમોની સુલભતા માટે અગ્રણી ભૂમિકા નિભાવશે.

**સ્વચ્છ અને ટકાઉક્ષમ આવાગમન**

**72**. અમે શહેરી વિસ્તારોમાં જાહેર પરિવહનના ઉપયોગના રૂપાંતરણને પ્રોત્સાહન આપીશું. તેને સ્વચ્છ ટેકનોલોજી અને સુશાસન ઉકેલો, વિશેષ ઝીરો અશ્મિગત ઇંધણ નીતિ અને EV વાહનોની મદદથી આવાગમન ઝોન દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

**બેટરી અદલાબદલી નીતિ**

**73**. મોટાપાયે ચાર્જિંગ સ્ટેશનો સ્થાપવા માટે શહેરી વિસ્તારોમાં જગ્યાના અભાવ અંગે વિચાર કરીને એક બેટરી અદલાબદલીની નીતિ લાવવામાં આવશે તેમજ ઇન્ટર ઓપરેટિબિલિટી માપદંડો તૈયાર કરવામાં આવશે. ખાનગી ક્ષેત્રને 'એક સેવાના રૂપમાં બેટરી અથવા ઊર્જા' માટે ટકાઉક્ષમ અને આવિષ્કારી વ્યવસાય મોડેલ વિકસાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. તેનાથી EV ઇકોસિસ્ટમની કાર્યદક્ષતામાં સુધારો આવશે.

**જમીનના રેકોર્ડ્સનું વ્યવસ્થાપન**

**74**. ભૂ-સંસાધનોનો અસરકારક ઉપયોગ કરવામાં આવે તે સખત અનિવાર્યતા છે. રાજ્યોને રેકોર્ડ્સના IT આધારિત વ્યવસ્થાપનની સુવિધા પ્રદાન કરવા માટે અનન્ય જમીન પાર્સલ ઓળખ અપનાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે. અનુસૂચિ VIIIની ભાષાઓમાંથી કોઇપણ ભાષામાં જમીનના રેકોર્ડ્સના ટ્રાન્સલિટિરેશન (લિપ્યંતર) સંબંધિત સુવિધા શરૂ કરવામાં આવશે.

**75**. 'એક રાષ્ટ્ર એક રજિસ્ટ્રેશન સોફ્ટવેર'ની મદદથી નેશનલ જીનેટિક ડોક્યૂમેન્ટ રજિસ્ટ્રેશન સિસ્ટમ (NGDRS) અપનાવવા અથવા તેની સાથે લિંકેજને રજિસ્ટ્રેશન માટે એકસમાન પ્રક્રિયાના વિકલ્પ તરીકે અને ખત તેમજ દસ્તાવેજોના 'ગમે ત્યાં રજિસ્ટ્રેશન' માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

**નાદારી અને દેવાળિયાપણું સંહિતા**

**76**. ઉકેલની પ્રક્રિયાની અસરકારકતા વધારવા માટે અને સરહદપાર દેવાળિયાપણાનો ઉકેલ લાવવાની સુવિધા પૂરી પાડવા માટે સંહિતામાં જરૂરી ફેરફારો કરવામાં આવશે.

**ત્વરિત કોર્પોરેટ ઉકેલ**

**77**. નવી કંપનીઓના ત્વરિત રજિસ્ટ્રેશન માટે અનેક IT આધારિત પ્રણાલીઓ સ્થાપિત કરવામાં આવી છે. હવે. રી-એન્જિનિયરિંગ પ્રક્રિયા સાથે ત્વરિત કોર્પોરેટ સમાપન માટે કેન્દ્ર આ કંપનીઓના સ્વૈચ્છિક પરિસમાપન (વાઇન્ડઅપ)ને સરળ અને અસરકારક બનાવવા તેમજ વેગવાન બનાવવા માટે વર્તમાન 2 વર્ષના સમયને ઘટાડીને 6 મહિના માટે નિર્ધારિત કરવામાં આવશે.

**સરકારી ખરીદી**

**78**. તાજેતરમાં જ સરકારી નિયમોને અમૃતકાળની આવશ્યકતાઓ માટે સુધારવામાં આવ્યા છે. નવા નિયમોને

વિવિધ હિતધારકો પાસેથી પ્રાપ્ત થયેલા ઇનપુટથી લાભ મળ્યો છે. આધુનિક બનાવવામાં આવેલા નિયમો જટિલ ટેન્ડરોના મૂલ્યાંકનમાં ખર્ચ ઉપરાંત પારદર્શક ગુણવત્તા માપદંડોના ઉપયોગને અનુમતિ આપે છે. ચાલુ બિલોના 75 ટકાની ચુકવણી માટે અનિવાર્યરૂપે 10 દિવસમાં કરવાની અને સમજૂતીના માધ્યમથી વિવાદોના નિવારણને પ્રોત્સાહન આપવાની જોગવાઇ કરવામાં આવી છે.

**79**. પારદર્શિતાને પ્રોત્સાહન આપવા માટે તેમજ ચુકવણીઓમાં થતા વિલંબમાં ઘટાડો લાવવા માટે, એક ડગલું આગળ વધીને એક સંપૂર્ણ પેપરલેસ, એન્ડ ટુ એન્ડ ઑનલાઇન ઇ-બિલ સિસ્ટમને પોતાની ખરીદી માટે તમામ કેન્દ્રીય મંત્રાલયો દ્વારા ઉપયોગમાં લેવામાં આવે તેવી શરૂઆત કરવામાં આવશે. આ સિસ્ટમ પુરવઠાકારો અને કોન્ટ્રાક્ટરોને પોતાના ડિજિટલ રીતે હસ્તાક્ષર કરેલા બિલો અને દાવાઓ તેમજ ક્યાંયથી પણ પોતાની સ્થિતિની જાણકારી મેળવવા માટે ઑનલાઇન પ્રસ્તૂત કરવા માટે સક્ષમ બનાવશે.

**80**. પુરવઠાકારો અને કામના કોન્ટ્રાક્ટરોને થતા અપ્રત્યક્ષ ખર્ચમાં ઘટાડો લાવવા માટે, બેંક ગેરેન્ટી માટે એક વિકલ્પ તરીકે શ્યોરિટી બોન્ડને સરકારી ખરીદીઓમાં સ્વીકાર્ય કરવામાં આવશે. સોનાની આયાત જેવા વ્યવસાયો માટે પણ આ ઉપયોગી નીવડશે. IRDAIએ વીમા કંપનીઓ દ્વારા શ્યોરિટી બોન્ડ ઇશ્યુ કરવા માટે નવી રૂપરેખા બનાવી છે.

AVGC પ્રોત્સાહન કાર્યદળ

**81**. એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક્સ ક્ષેત્ર યુવાનો માટે ખૂબ જ મોટા પાયે રોજગારીની સંભાવનાઓ પૂરી પાડે છે. એક AVGC પ્રોત્સાહન કાર્યદળ (ટાસ્કફોર્સ) તમામ હિતધારકો સાથે તેને પ્રાપ્ત કરવા માટે અને આપણા બજારો તેમજ વૈશ્વિક માંગને પૂરી કરવા માટે ઘરેલું ક્ષમતાનું નિર્માણ કરવા માટે રીતભાતોની ભલામણો કરવાના ઉદ્દેશથી સ્થાપિત કરવામાં આવશે.

**ટેલિકોમ ક્ષેત્ર**

**82**. સામાન્યરૂપે ટેલિકોમ જેમાં ખાસ કરીને 5G ટેકનોલોજીમાં વૃદ્ધિ અને રોજગારીની તકો પૂરી પાડવા માટે સમર્થ બનાવી શકે છે. ખાનગી ટેલિકોમ ઓપરેટરો દ્વારા 2022-23માં 5G મોબાઇલ સેવાઓનો પ્રારંભ કરવાની સુવિધા પૂરી પાડવા માટે અપેક્ષિત સ્પેક્ટ્રમ હરાજીઓની પ્રક્રિયા 2022માં હાથ ધરવામાં આવશે.

**83**. ડિઝાઇન આધારિત વિનિર્માણ માટે 5G માટે એક મજબૂત ઇકોસિસ્ટમનું નિર્માણ કરવાના ઉદ્દેશથી એક યોજના ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન યોજનાના ભાગરૂપે લોન્ચ કરવામાં આવશે.

**84**. ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં સસ્તા બ્રોડબેન્ડ અને મોબાઇલ સેવાઓના પ્રસારને સક્ષમ કરવા માટે, વૈશ્વિક સેવા બોન્ડ ભંડોળ અંતર્ગત વાર્ષિક સંગ્રહના 5 ટકા સુધી ફાળવણી કરવામાં આવશે. તેનાથી ટેકનોલોજીઓ અને ઉકેલો માટે રિસર્ચ અને ડેવલપમેન્ટ તેમજ વ્યાપારીકરણને પ્રોત્સાહન મળશે.

**85**. અમારી દૂરંદેશી એવી છે કે, શહેરી ક્ષેત્રો તેમજ તેમના રહેવાસીઓની જેમ જ કોઇ ગ્રામ અથવા તેના રહેવાસીઓને ઇ-સેવાઓની પહોંચ, સંચાર સુવિધાઓ અને ડિજિટલ સંસાધન પ્રાપ્ત થવા જોઇએ. દૂરસ્થ વિસ્તારો સહિત તમામ ગામડાઓમાં ઓપ્ટિકલ ફાઇબરનું નેટવર્ક પાથરવા માટેના કોન્ટ્રાક્ટ ભારતનેટ પરિયોજના અંતર્ગત 2022-23માં PPP માધ્યમથી આપી દેવામાં આવશે. આ કાર્ય 2025 સુધીમાં પૂરું થવાનું અનુમાન છે. ઓપ્ટિકલ ફાઇબરનો વધુ સારો અને કાર્યદક્ષ ઉપયોગ થાય તે માટે જરૂરી પગલાં લેવામાં આવશે.

**નિકાસને પ્રોત્સાહન**

**86**. વિશેષ આર્થિક ઝોન અધિનિયમના બદલે એક નવો કાયદો લાવવામાં આવનશે જેના કારણે રાજ્યો 'ઉદ્યોગો અને સેવાઓ હબના વિકાસ'માં ભાગીદારો બની શકશે. આનાથી તમામ મોટી હાલમા અસ્તિત્વમાં રહેલી અને નવી આવનારી ઇન્ડસ્ટ્રીઓના એકમો ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવા માટે સમર્થ બનશે અને નિકાસ મામલે સ્પર્ધાત્મકતામાં વધારો થશે.

**સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા**

**87**. અમારી સરકાર સશસ્ત્ર દળો માટેના ઉપકરણોમાં આયાત પર નિર્ભરતા ઓછી કરવા અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છે. 68 ટકા મૂડી ખરીદી બજેટને 2022-23માં ઘરેલું ઉદ્યોગો પાસેથી ખરીદી કરવા માટે અલગ રાખવામાં આવશે, જ્યારે 2021-22માં આ આ રકમ 58 ટકા હતી.

**88**. સંરક્ષણ ક્ષેત્રમાં સંશોધન અને વિકાસ માટે 25 ટકા બજેટની રકમ રાખવામાં આવી હોવાથી સંરક્ષણ ક્ષેત્રમાં સંશોધન અને વિકાસથી ઉદ્યોગો, સ્ટાર્ટઅપ અને શિક્ષણ સંસ્થાઓ માટે દ્વાર ખુલશે. SPV મોડેલ દ્વારા DRDO અને અન્ય સંગઠનો સાથે મળીને ખાનગી કંપનીઓને સૈન્યના પ્લેટફોર્મ અને ઉપકરણો ડિઝાઇન કરવા અને તૈયાર કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. સંખ્યાબંધ પરીક્ષણો અને પ્રમાણીકરણની જરૂરિયાતોને પૂરી કરવા માટે એક સ્વતંત્ર એક છત્ર સંગઠનની રચના કરવામાં આવશે.

**ઉદયમાન અવસરો (સનરાઇઝ તકો)**

**89**. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, જીયો-સ્પેટિઅલ સિસ્ટમ્સ અને ડ્રોન, સેમી-કંડક્ટર અને તેની સિસ્ટમ, અંતરિક્ષ અર્થતંત્ર, જેનોમિક્સ અને ફાર્માસ્યુટિકલ્સ, ગ્રીન એનર્જી (પર્યાવરણ માટે અનુકૂળ ઊર્જા) અને અવરજવરની સ્વચ્છ વ્યવસ્થાઓ મોટા પાયા પર વિકાસમાં સહાયતા કરવા અને દેશને આધુનિક બનાવવામાં વ્યાપક સંભાવના ધરાવે છે. આ યુવાનો માટે રોજગારી પ્રદાન કરે છે અને ભારતીય ઉદ્યોગજગતને વધારે પ્રભાવશાળી અને સ્પર્ધાત્મક બનાવે છે.

**90**. સહાયક નીતિઓ, હળવા નિયમનો, સ્થાનિક ક્ષમતાઓનું નિર્માણ કરવા માટે સુવિધાદાયક પગલાંઓ તેમજ સંશોધન અને વિકાસને પ્રોત્સાહનથી સરકારના અભિગમને દિશાસૂચન મળશે. આ ઉદયમાન અવસરોમાં સંશોધન અને વિકાસ માટે, શિક્ષણ સંસ્થાઓ, ઉદ્યોગો અને જાહેર સંસ્થાઓ સાથે સહયોગ સ્થાપિત કરવા ઉપરાંત, સરકારી યોગદાન પણ પૂરું પાડવામાં આવશે.

**ઊર્જા ટ્રાન્ઝિશન અને જળવાયુ સંબંધિત પગલાં**

**91**. જળવાયુ પરિવર્તનનાં જોખમો એ સૌથી મજબૂત નકારાત્મક બાહ્યતા છે જે ભારત અને અન્ય દેશોને અસર કરી રહ્યાં છે. આદરણીય પ્રધાનમંત્રીએ ગત વર્ષે નવેમ્બરમાં ગ્લાસગો ખાતે યોજાયેલા COP26 શિખર સંમેલનમાં જણાવ્યું હતું તે મુજબ, "વર્તમાન સમયની જરૂરિયાત એ છે કે, અવિચારી અને વિનાશક વપરાશને બદલે ધ્યાનપૂર્વક અને ઇરાદાપૂર્વકના વપરાશ કરવો જોઇએ." તેમણે જાહેર કરેલા 'પંચામૃત'માં દર્શાવેલ લો

કાર્બન વિકાસ વ્યૂહરચના એ દીર્ઘકાલિન વિકાસ પ્રત્યે અમારી સરકારની મજબૂત કટિબદ્ધતાનું મહત્વનું પ્રતિબિંબ છે.

**92**. આ વ્યૂહનીતિ રોજગારીની વિપુલ તકોના દ્વાર ખોલે છે અને તેનાથી દેશ દીર્ઘકાલિન વિકાસના માર્ગે આગળ વધશે. તદઅનુસાર આ બજેટમાં કેટલાક ટૂંકાગાળાના અને કેટલાક લાંબાગાળાના પગલાંની દરખાસ્ત કરવામાં આવી છે.

**સૌર ઊર્જા**

**93**. વર્ષ 2030 સુધીમાં સ્થાપિત સૌર ઊર્જાનું 280 ગીગા વૉટનું મહત્વાકાંક્ષી લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ઉચ્ચ કાર્યદક્ષતા ધરાવતા સૌર મોડ્યૂલના નિર્માણ માટે ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન માટે રૂપિયા 19,500 કરોડની વધારાની ફાળવણી કરવામાં આવી છે જેથી ઘરેલુ સ્તરે વિનિર્માણની સુવિધા પૂરી પાડી શકાય. આમાં પોલિસિલિકોનથી સોલર PV મોડ્યૂલ સુધીના સંપૂર્ણ સંકલિત ઉત્પાદન એકમોને પ્રાથમિકતા આપવામાં આવશે.

**વલયાકાર અર્થતંત્ર**

**94**. ઉત્પાદકતામાં વધારો કરવામાં તેમજ નવા વ્યવસાયો અને નોકરીઓ માટે મોટાપાયે તકોનું સર્જન કરવામાં મદદ મેળવવના માટે વલયાકાર અર્થતંત્ર તરફ સ્થાનાતંરણ કરવામાં આવશે તેવી અપેક્ષા છે. ઇલેક્ટ્રોનિક કચરો, વાહનોની આવરદાનો અંત, વપરાયેલ નકામા ઓઇલનો ઉપયોગ અને ઝેરી તેમજ જોખમી ઔદ્યોગિક કચરો જેવા દસ ક્ષેત્રો માટેનો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. માળખાકીય સુવિધાઓ, રિવર્સ લોજિસ્ટિક્સ, ટેકનોલોજીમાં અપગ્રેડેશન અને અનૌપચારિક ક્ષેત્ર સાથે એકીકરણના મહત્વપૂર્ણ ક્રોસ કટીંગ મુદ્દાઓનો ઉકેલ લાવવા પર હવે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. નિયમનો, વિસ્તૃત ઉત્પાદકોની જવાબદારીઓના માળખામાં વિસ્તરણ અને આવિષ્કારની સુવિધાઓને આવરી લેતી સક્રિય જાહેર નીતિઓ દ્વારા તેને સમર્થન પૂરું પાડવામાં આવશે.

**કાર્બન ન્યૂટ્રલ અર્થતંત્ર તરફ સ્થાનાંતરણ**

**95**. ઉષ્મા ઊર્જા પ્લાન્ટ્સમાં પાંચથી સાત ટકા બાયોમાસ પેલેટ્સ કો-ફાયર (સહ-ઇંધણ) કરવામાં આવશે જેના પરિણામરૂપે દર વર્ષે 38 MMT $CO2$ ની બચત થશે. આના કારણે ખેડૂતોને વધારાની આવક ઉભી થશે અને સ્થાનિક લોકોને રોજગારીની તકો પણ પ્રાપ્ત થશે તેમજ કૃષિ ક્ષેત્રોમાં પરાળી બાળવાથી બચવામાં મદદ મળશે.

**96**. ઊર્જાની બચત કરવી એ ઊર્જા વ્યવસ્થાપનમાં એક મહત્વપૂર્ણ પરિબળ છે. આથી, ઊર્જા કાર્યક્ષમતા અને બચતનાં પગલાંઓને પ્રોત્સાહન આપવામાં આવશે. ઊર્જા સેવા કંપની (ESCO)ના વ્યવસાય મોડેલ દ્વારા મોટી વાણિજ્યિક ઇમારતોમાં આમ કરવામાં આવશે. તે ઊર્જા ઓડિટ, પ્રદર્શન કરારો અને સામાન્ય માપન તેમજ ચકાસણી પ્રોટોકોલ માટે ક્ષમતા નિર્માણ અને જાગૃતિની સુવિધા આપશે.

**97**. કોલસાના ગેસિફિકેશન અને કોલસાને ઉદ્યોગો માટે જરૂરી રસાયણોમાં રૂપાંતરિત કરવા માટેના ચાર પાઇલોટ પ્રોજેક્ટ્સ ટેકનિકલ અને નાણાકીય સદ્ધરતા વિકસાવવા માટે તૈયાર કરવામાં આવશે.

૯૮. કૃષિ વનીકરણ તેમજ ખાનગી વનીકરણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી નીતિઓ અને જરૂરી કાયદાકીય ફેરફારો કરવામાં આવશે. આ ઉપરાંત, જેઓ કૃષિ-વનીકરણ હાથ ધરવા માંગે છે તેવા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે.

**રોકાણોનું ફાઇનાન્સિંગ**

**જાહેર મૂડી રોકાણ**

**99**. મૂડી રોકાણની ગુણક અસરના કારણે ઝડપી અને દીર્ઘકાલિન આર્થિક પુનરુદ્ધાર થાય છે અને એકત્રીકરણ શક્ય બને છે. મૂડી રોકાણ મોટા ઉદ્યોગો અને MSME પાસેથી વિનિર્માણ ઇનપુટ્સની માંગમાં વૃદ્ધિ કરવા, વ્યાવસાયિકો પાસેથી સેવાઓ માટે અને સારી કૃષિ માળખકીય સુવિધાઓ દ્વારા ખેડૂતોને મદદ કરવા સહિત રોજગારીઓનું સર્જન કરવામાં પણ મદદરૂપ થાય છે. અર્થતંત્રે ઉચ્ચ વૃદ્ધિ સાથે મહામારીની અસરોમાંથી બહાર આવવા માટે મજબૂત સ્થિતિસ્થાપકતા દર્શાવી છે. જો કે, 2020-21ના આંચકાની ખોટ પૂરી કરવા માટે આપણે તે સ્તરને ટકાવી રાખવાની પણ જરૂર છે.

**100**. અગાઉ 5 નંબરના ફકરામાં ઉલ્લેખ કર્યો તે અનુસાર, રોકાણના અસરકારક ચક્રને ખાનગી રોકાણ તરફ પ્રેરિત કરવા માટે જાહેર રોકાણની જરૂર છે. આ તબક્કે, ખાનગી રોકાણો માટે જરૂરી જણાય છે કે, તેમની ક્ષમતા વધારવા માટે અને અર્થતંત્રની જરૂરિયાત પૂરી કરવા માટે સહાયતાની જરૂર છે. જાહેર રોકાણને આગળ વધારતા રહેવાની જરૂર છે અને 2022-23માં ખાનગી રોકાણ તેમજ માંગમાં વધારો કરવો પણ જરૂરી છે.

**101**. ઉપરોક્ત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ફરી એકવાર કેન્દ્રીય બજેટમાં મૂડીગત ખર્ચ માટે ખર્ચમાં તીવ્ર વૃદ્ધિ કરવામાં આવી છે. હજુ આ ચાલુ વર્ષમાં 5.54 લાખ કરોડ રૂપિયા છે જેમાં 35.4%નો વધારો કરીને 2022-23માં 7.5 લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યા છે. 2019-20માં ખર્ચની સરખામણીએ આ રકમ 2.2 ગણા કરતાં પણ વધારે છે. 2022-23માં આ ખર્ચ GDPના 2.9 ટકા હશે.

**અસરકારક મૂડી ખર્ચ**

**102**. રાજ્યોને સહાયતા અનુદાનના માધ્યમથી મૂડીગત અસ્કયામતોના સર્જન માટે કરવામાં આવેલી જોગવાઇની સાથે સાથે રોકાણના કારણે કેન્દ્ર સરકારનો 'અસરકારક મૂડી ખર્ચ' 2022-23માં અંદાજે 10.68 લાખ કરોડ રૂપિયા હશે જે GDPના લગભગ 4.1 ટકા હશે.

**ગ્રીન બોન્ડ્સ**

**103**. 2022-23માં સરકાર દ્વારા લેવામાં આવેલી તમામ બજાર ઉધારીઓના મામલે, સોવેરીન ગ્રીન બોન્ડ્સ ઇશ્યુ કરવામાં આવશે જેનાથી હરિત માળખાકીય સુવિધા માટે સંસાધનો એકત્રિત થઇ શકશે. તેનાથી પ્રાપ્ત

થયેલી રકમનો ઉપયોગ જાહેર ક્ષેત્રની એવી પરિયોજનાઓ માટે કરવામાં આવશે જે અર્થતંત્રમાં કાર્બન ઇન્ટેન્સિટી (સઘનતા) ઓછી કરવામાં મદદરૂપ હોય.

**GIFT-IFSC**

**104**. ગિફ્ટ સિટીમાં વિશ્વ સ્તરીય વિદેશી યુનિવર્સિટીઓ અને સંસ્થાઓને IFSCA દ્વારા આપવામાં આવતા ઉચ્ચ અભ્યાસક્રમોની ઉપલબ્ધતાની સુવિધા આપવા સિવાય નાણાકીય સેવાઓ અને ટેકનોલોજી માટે માનવ સંસાધન સમાપ્ત કરી ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ, ફિનટેક, સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિતના અભ્યાસક્રમો સ્થાનિક નિયમોથી મુક્ત કરાવવાની મંજૂરી આપવામાં આવશે.

**105**. આંતરરાષ્ટ્રીય ન્યાયશાસ્ત્ર હેઠળ વિવાદોના સમયસર સમાધાન માટે ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય લવાદ કેન્દ્રની સ્થાપવામાં આવશે.

**106**. GIFT સિટીમાં દેશમાં દીર્ઘકાલિન અને જળવાયુ ફાઇનાન્સ માટે વૈશ્વિક મૂડી માટેની સેવાઓની સુવિધા આપવામાં આવશે.

**માળખાકીય સુવિધા સ્થિતિ**

**107**. ગાઢ ચાર્જિંગ માળખાકીય સુવિધા અને ગ્રીડ-સ્કેલ બેટરી સિસ્ટમ્સ સહિત ડેટા સેન્ટર્સ અને એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સને માળખાકીય સુવિધા સુમેળ યાદીમાં સામેલ કરવામાં આવશે. આનાથી ડિજિટલ માળખાકીય સુવિધા અને સ્વચ્છ ઊર્જા સંગ્રહ માટે ધીરાણની ઉપલબ્ધતા સરળ બનશે

**વેન્ચર કેપિટલ અને ખાનગી ઇક્વિટી રોકાણ**

**108**. વેન્ચર કેપિટલ અને ખાનગી ઇક્વિટીએ છેલ્લા વર્ષમાં રૂપિયા 5.5 લાખ કરોડ કરતાં વધારે રોકાણ કર્યું છે જેનાથી સૌથી મોટા સ્ટાર્ટઅપ અને વૃદ્ધિની ઇકોસિસ્ટમ પૈકી એક તરીકેની સુવિધા પ્રાપ્ત થઇ છે. આ રોકાણોમાં વ્યાપકતા વધારવા માટે નિયમનકારી અને અન્ય ઘર્ષણોની સર્વાંગી તપાસ જરૂરી છે. તપાસ કરવા અને યોગ્ય પગલાંઓનું સૂચન કરવા માટે નિષ્ણાતોની એક સમિતિની રચના કરવામાં આવશે.

**સંમિશ્રિત ફાઇનાન્સ**

**109**. સરકાર દ્વારા સહાયતા પ્રાપ્ત ફંડ્સ NIIF અને SIDBI અને ફંડ્સના 'સિડબી' ફંડ્સથી વિપુલ પ્રમાણમાં મૂડી પ્રાપ્ત થઇ છે જેની બહુઆયામી અસરો જોવા મળી છે. મુખ્ય ઉદયમાન ક્ષેત્રો જેમકે, ક્લાઇમેટ એક્શન, ડીપ-ટેક, ડિજિટલ ઇકોનોમી, ફાર્મા અને એગ્રી ટેકને પ્રોત્સાહન આપવા માટે સરકાર સંમિશ્રિત ફાઇનાન્સ માટે થીમેટિક ભંડોળ ઉપલબ્ધ કરાવશે. તેમાં સરકારનો હિસ્સો 20 ટકા સુધી સિમિત રહેશે અને આવા ફંડ્સનું સંચાલન ખાનગી ફંડ્સ મેનેજરો દ્વારા કરવામાં આવશે.

**માળખાકીય સુવિધા પરિયોજનાઓ માટે નાણાકીય સદ્ધરતા**

**110**. માળખાકીય સુવિધાઓની જરૂરિયાતોને ધીરાણ પૂરું પાડવા માટે, નોંધનીય સ્તરે ખાનગી મૂડી દ્વારા જાહેર રોકાણમાં વૃદ્ધિની જરૂરિયાતને પૂરી કરવામાં આવશે. સરકારી ખાનગી ભાગીદારી વાળી પરિયોજનાઓની સાથે સાથે બીજી પરિયોજનાઓની નાણાકીય સંભાવનાઓ વધારવા માટે બહુપક્ષીએ એજન્સીઓ પાસેથી ટેકનિકલ અને જ્ઞાન સંબંધિત સહાયતા મેળવવામાં આવશે અને સાથે જ આવશ્યક ઉપાય કરવામાં આવશે. તેમની નાણાકીય સંભાવના વધારવા માટે વિશ્વની સર્વોત્તમ રીતોને અપનાવવી પડશે, ફાઇનાન્સિંગ માટે નવા માર્ગો અપનાવવા પડશે તેમજ સંતુલિત જોખમ ફાળવણી કરવી પડશે.

**ડિજિટલ રૂપિયો**

**111**. સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC)નો અમલ કરવાથી ડિજિટલ અર્થતંત્રને ખૂબ જ સારો વેગ મળશે. ડિજિટલ કરન્સીથી વધુ કાર્યદક્ષ અને સસ્તા કરન્સી વ્યવસ્થાપન તંત્રનું નિર્માણ થશે. આથી, બ્લોકચેઇન અને અન્ય ટેકનોલોજીઓનો ઉપયોગ કરીને ડિજિટલ રૂપિયો ચાલુ કરવાનો વિચાર કરવામાં આવ્યો છે જેને ભારતીય રીઝર્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવશે અને તેની શરૂઆત 2022-23થી થશે.

**મૂડીગત રોકાણ માટે રાજ્યોને મૂડી સહાયતા**

**112**. સહકારી સંઘવાદની સાચી ભાવના દર્શાવવા માટે કેન્દ્ર સરકાર રાજ્યોને મજબૂતી પ્રદાન કરવા માટે કટિબદ્ધ છે જેનાથી તેઓ ઉત્પાદક અસ્કયામતોનું સર્જન અને લાભદાયક રોજગારીનું નિર્માણ કરવા માટે પોતાની મૂડીનું રોકાણ વધારી શકે. 'મૂડીગત રોકાણ કરવા માટે રાજ્યોને આર્થિક સહાયતાની યોજના'ને તમામ રાજ્યોએ ખૂબ જ જોરદાર આવકાર આપ્યો છે. મુખ્યમંત્રીઓ અને રાજ્ય નાણાં મંત્રીઓ સાથે થયેલી મારી બેઠકમાં મળેલા અનુરોધોને આદર આપીને ચાલુ વર્ષમાં આ યોજના અંતર્ગત બજેટ અનુમાનમાં રાખવામાં આવેલા 10,000 કરોડ રૂપિયાના મૂડી ખર્ચને સુધારેલા અનુમાનમાં વધારીને 15,000 કરોડ રૂપિયા કરવામાં આવ્યો છે.

**113**. વર્ષ 2022-23 માટે અર્થતંત્રમાં તમામ રોકાણોને પ્રેરિત કરવા માટે રાજ્યોની મદદ કરવાના ઉદ્દેશથી 1 લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. તે પચાસ વર્ષીય વ્યાજમુક્ત ધીરાણ રાજ્યોને આપવામાં આવનારા સામાન્ય ધીરાણ સિવાયનું ધીરાણ છે.

**114**. આ પ્રકારની ફાળવણીનો ઉપયોગ પીએમ ગતિશક્તિ સંબંધિત રોકાણો અને રાજ્યોના અન્ય ઉત્પાદક મૂડી રોકાણોમાં કરવામાં આવશે જેમાં નીચે ઉલ્લેખ કર્યો છે તેના સંબંધિત ઘટકો પણ સામેલ રહેશે:

- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના પ્રાથમિકતા વાળા હિસ્સા માટે પૂરક ફાઇનાન્સિંગ જેમાં રાજ્યોના હિસ્સા માટે સહાયતા પણ સામેલ છે,

- અર્થતંત્રનું ડિજિટાઇઝેશન, જેમાં ડિજિટલ પેમેન્ટ અને OFC નેટવર્કને પૂરું કરવાની વાત પણ સામેલ છે, તેમજ
- ભવન સંબંધિત પેટા નિયમો, નગર આયોજન યોજનાઓ, પરિવહનલક્ષી વિકાસ અને ટ્રાન્સફરેબલ વિકાસ અધિકાર સંબંધિત સુધારાઓ.

**115**. વર્ષ 2022-23માં 15મા નાણાં પંચની ભલામણો અનુસાર રાજ્યોને GSDPના 4 ટકા સુધી રાજકોષીય નુકસાનની અનુમતિ આપવામાં આવશે જેમાંથી 0.5 ટકા વિદ્યુત ક્ષેત્રમાં સુધારા સંબંધિત હશે. તેના માટે શરતોને પહેલાં જ 2021-22માં જણાવી દેવામાં આવી છે.

**રાજકોષીય વ્યવસ્થાપન**

**116**. બજેટ અનુમાન 2021-22માં બતાવવામાં આવેલા 34.83 લાખ કરોડ રૂપિયાના કુલ ખર્ચની અવેજમાં સુધારેલા અનુમાનમાં 37.70 લાખ કરોડ રૂપિયાનો કુલ ખર્ચ રાખવામાં આવ્યો હતો. મૂડીગત ખર્ચમાં સુધારેલું અનુમાન 6.03 લાખ કરોડ રૂપિયાનું છે. તેમાં એર ઇન્ડિયાના બાકી નીકળતા ગેરેન્ટીડ લેણાં અને તેની અન્ય વિવિધ કટિબદ્ધતાઓને પૂરી કરવા માટે 51,971 કરોડ રૂપિયાની રકમ પણ સામેલ છે.

**117**. બજેટ અનુમાન તરફ નજર કરવામાં આવે તો 2022-23માં કુલ ખર્ચ અનુમાન રૂપિયા 39.45 લાખ કરોડ રાખવામાં આવ્યું છે જ્યારે ઉધારી સિવાયની કુલ પ્રાપ્તિનું અનુમાન રૂપિયા 22.84 લાખ કરોડ રાખવામાં આવ્યું છે.

**118**. ચાલુ વર્ષમાં સુધારેલી રાજકોષીય ખાધ GDPના અનુમાનિત 6.9 ટકા છે જ્યારે બજેટ અનુમાનમાં તેને 6.8 ટકાનો અંદાજ રાખવામાં આવ્યો છે. 2022-23માં રાજકોષીય ખાધ GDPના અનુમાનિત 6.4 ટકા છે જ્યારે રાજકોષીય મજબૂતીના એ માર્ગને પણ અનુરૂપ છે જેની મેં ગયા વર્ષે ઘોષણા કરી હતી કે, 2025-26 સુધીમાં રાજકોષીય ખાધને 4.5 ટકાથી નીચલા સ્તરે લાવવામાં આવશે. 2022-23ની રાજકોષીય ખાધના સ્તરને નિર્ધારિત કરતી વખતે હું સરકારી રોકાણના માધ્યમથી પ્રગતિના પોષણની જરૂરિયાત પ્રત્યે સજાગ છું જેથી આપણે વધુ મજબૂત અને ટકાઉ બની શકીએ.

હવે હું, મારા ભાષણનો ભાગ –B વાંચુ છું.

<u>**ભાગ B**</u>

**પ્રત્યક્ષ કર**

**119**. આદરણીય અધ્યક્ષ મહોદય, હું આ અવસરે દેશના તમામ કરદાતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવા માંગુ છું જેમણે સૌથી વધારે સહયોગ આપ્યો છે અને જરૂરિયાતના આ સમયમાં પોતાના સાથી નાગરિકોની સહાયતા કરીને સરકારના હાથ મજબૂત બનાવ્યા છે.

*दापयित्वाकरंधर्म्यंराष्ट्रंनित्यंयथाविधि* /

*अशेषान्कल्पयेद्राजायोगक्षेमानतन्द्रितः* //११ //

*dāpayitvākaraṃdharmyaṃrāṣṭraṃnityaṃyathāvidhi |*

*aśeṣānkalpayedrājāyogakṣemānatandritaḥ ||*

*"રાજાએ કોઇપણ પ્રકારની ઢીલાશ રાખ્યા વગર અને ધર્મને અનુરૂપ કરવેરાઓના એકત્રીકરણની સાથે સાથે રાજ ધર્મ અનુસાર શાસન કરીને લોકોના યોગક્ષેમ (કલ્યાણ) માટે અવશ્ય વ્યવસ્થાઓ કરવી જોઇએ."*

મહાભારત, શાંતિ પર્વ અધ્યાય. 72. શ્લોક 11

**120**. આપણા પ્રાચીન ગ્રંથોમાંથી જ્ઞાન અને માર્ગદર્શન મેળવીને આપણે પ્રગતિના પંથે આગળ વધવાનું ચાલુ રાખ્યું છે. આ બજેટના પ્રસ્તાવોનો અભિપ્રાય, સ્થિર અને જાણીતી આપણી કર વ્યવસ્થાની અમારી ઘોષિત નીતિ પર યથાવત રાખીને, વધુ એવા સુધારા લાવવાનો છે જે એક વિશ્વસનીય કર વ્યવસ્થા સ્થાપિત કરવા માટે અમારી સંકલ્પનાને આગળ વધારી શકે. આ કર પ્રણાલીને હજુ પણ વધારે સરળ બનાવશે, કરદાતાઓને સ્વૈચ્છિક અનુપાલન માટે પ્રોત્સાહિત કરશે અને મુકદ્દમાઓની સંખ્યામાં ઘટાડો લાવશે.

**નવા 'અપડેટ કરેલ રિટર્ન'ની શરૂઆત કરવી**

**121.** ભારત તીવ્ર ગતીએ આગળ વધી રહ્યું છે અને લોકો એક કરતાં વધારે આર્થિક લેવડદેવડો કરી રહ્યાં છે. આવકવેરા વિભાગે કરદાતાઓના ટ્રાન્ઝેક્શનોના રિપોર્ટિંગ માટે એક સશક્ત માળખું તૈયાર કર્યું છે. આ સંદર્ભે કેટલાક કરદાતાઓને એવું લાગી શકે છે કે, તેમણે કર ચુકવણી માટે પોતાની આવકનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરવામાં ભૂલ અથવા ત્રુટી કરી છે. આવી ભૂલોને સુધારવા માટે તક આપવાના ઉદ્દેશથી હું વધારાના કરની ચુકવણી કરીને '**અપડેટ કરેલ રિટર્ન**' દાખલ કરવા માટે કરદાતાઓને અનુમતિ આપવાની એક નવી જોગવાઇનો પ્રસ્તાવ મૂકું છું. આ અપડેટ કરેલ રિટર્ન સંબંધિત આકારણી વર્ષના અંતથી બે વર્ષના સમયમાં

દાખલ કરી શકાય છે.

**122.** હાલમાં, જો વિભાગને એવી જાણ થાય કે આકારણી કરાવનાર દ્વારા કેટલીક આવક દર્શાવવામાં આવી નથી તો તેમને ન્યાય નિર્ણયની લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. તેના બદલે, હવે આ પ્રસ્તાવથી કરદાતાઓમાં ભરોસો બેસી શકશે કે આકારણી કરાવનાર પોતે તે આવક જાહેર કરી શકશે જેને અગાઉ પોતાના રિટર્નમાં દાખલ કરતી વખતે દર્શાવવામાં આવી નહોતી. પ્રસ્તાવનું સંપૂર્ણ વિવરણ ફાઇનાન્સ વિધેયકમાં આપવામાં આવેલું છે. આ સ્વૈચ્છિક કર અનુપાલનની દિશામાં એક સકારાત્મક પગલું છે.

**સહકારી સમિતિઓ માટે વૈકલ્પિક લઘુતમ કર દર અને સરચાર્જમાં ઘટાડો**

**123.** હાલમાં, સહકારી સમિતિઓએ સાડા અઢાર ટકાના દરે વૈકલ્પિક લઘુતમ દરની ચુકવણી કરવી જરૂરી છે. જોકે, કંપનીઓ આ કરના પંદર ટકાના દરની ચુકવણી કરે છે. સહકારી સમિતિઓ અને કંપનીઓ વચ્ચે સમાનતા લાવવા માટે, હું સહકારી સમિતિઓ માટે પણ આ દર ઘટાડીને પંદર ટકા કરવાનો પ્રસ્તાવ મૂકું છું.

**124.** હું એવી સહકારી સમિતિઓ માટે સરચાર્જ પણ હાલમાં 12 ટકા છે ત્યાંથી ઘટાડીને 7 ટકા કરવાની દરખાસ્ત કરું છું જેમની કુલ આવક રૂપિયા 1 કરોડ કરતાં વધારે અને 10 કરોડ કરતાં ઓછી હોય.

**125.** આનાથી સહકારી સમિતિઓ અને તેમના સભ્યોની આવક વધારવામાં મદદ મળશે જેઓ મુખ્યત્વે ગ્રામીણ અને ખેતી કરનારા સમુદાયોમાંથી આવતા હોય છે.

**દિવ્યાંગજનોને કરમાં રાહત**

**126.** દિવ્યાંગ વ્યક્તિના માતાપિતા અથવા પાલક આવી વ્યક્તિ માટે વીમો લઇ શકે છે. વર્તમાન કાયદો માતા-પિતા અથવા પાલક માટે માત્ર ત્યારે જ કપાત કરવાની જોગવાઇ છે જ્યારે દિવ્યાંગ વ્યક્તિ માટે પાલક એટલે કે માતાપિતાનું મૃત્યુ થાય તેવી સ્થિતિમાં ઉચ્ચક ચુકવણી અથવા વાર્ષિક આવકની સુવિધા ઉપલબ્ધ હોય.

**127.** એવી પરિસ્થિતિઓ પણ આવી શકે છે જ્યારે દિવ્યાંગ આશ્રિતોને તેમના માતા-પિતા/પાલકના જીવનકાળ દરમિયાન પણ વાર્ષિક આવક અથવા ઉચ્ચક રકમની ચુકવણીની જરૂર પડે. હું આ માટે માતાપિતા/પાલકોના જીવનકાળ દરમિયાન પણ એટલે કે માતાપિતા/પાલકની સાઇઠ વર્ષની ઉંમર થયા પછી વાર્ષિકી અને ઉચ્ચક રકમની ચુકવણીની અનુમતિ આપવા માટે પ્રસ્તાવ મૂકું છું.

**રાજ્ય અને કેન્દ્ર સરકારના કર્મચારીઓ વચ્ચે સમાનતા**

**128.** હાલમાં, કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી (NPS) ટીઅર -1માં પોતાના કર્મચારીના વેતનમાં 14

ટકાનું યોગદાન આપે છે. તેને કર્મચારીની આવકની ગણતરીમાં કપાત તરીકે સ્વીકારવામાં આવી છે. જોકે, રાજ્ય સરકારના કર્મચારીઓના કિસ્સામાં આવી કપાત વેતનના 10 ટકાની મર્યાદા સુધી જ સ્વીકારવામાં આવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેના કર્મચારીઓ પ્રત્યે સમાન વ્યવહાર રાખવા માટે હું રાજ્ય સરકારના કર્મચારીઓ માટે NPS ખાતામાં નોકરીદાતાના યોગદાન પર કર કપાતની મર્યાદા 10 ટકાથી વધારીને 14 ટકા કરવાની દરખાસ્ત કરું છું. તેનાથી રાજ્ય સરકારના કર્મચારીઓને સામાજિક સુરક્ષા હિતલાભો વધારવા માટે અને તેમને કેન્દ્ર સરકારના કર્મચારીઓની સમાન લાવવામાં મદદ મળશે.

**સ્ટાર્ટઅપ માટે પ્રોત્સાહનો**

**129.** સ્ટાર્ટઅપ આપણા અર્થતંત્ર માટે વિકાસના પ્રેરક તરીકે ઉભરી આવ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, દેશે સફળ સ્ટાર્ટઅપની સંખ્યામાં અનેક ગણો વધારો કર્યો છે. 31.03.2022 પહેલા સ્થાપિત પાત્ર સ્ટાર્ટઅપને સમાવવામાં આવે ત્યારથી દસ વર્ષમાં અનુક્રમે ત્રણ વર્ષ માટે કર પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. કોવિડ મહામારીને ધ્યાનમાં રાખીને, હું આવું કર પ્રોત્સાહન ઉપલબ્ધ કરાવવા માટે પાત્ર સ્ટાર્ટઅપને સમાવવાની અવધીમાં હજુ એક વર્ષ વધારવા માંગું છું એટલે કે લંબાવીને 31.03.2023 કરવાનો પ્રસ્તાવ મૂકું છું.

નવી સમાવવામાં આવેલી વિનિર્માણ કંપનીઓ માટે રાહત કર વ્યવસ્થા અંતર્ગત પ્રોત્સાહન

**130.** અમુક ઘરેલું કંપનીઓ માટે વૈશ્વિક રૂપે સ્પર્ધાત્મક વ્યવસાયનો માહોલ તૈયાર કરવા માટે અમારી સરકાર દ્વારા નવી સમાવવામાં આવેલી ઘરેલું વિનિર્માણ કંપનીઓ માટે 15 ટકા કરની રાહત દરની કર વ્યવસ્થા લાગુ કરવામાં આવી હતી. હું ધારા 115BAB અંતર્ગત વિનિર્માણ અથવા ઉત્પાદનમાં શરૂઆત કરવાની અંતિમ તારીખને એક વર્ષ એટલે કે 31 માર્ચ 2023થી લંબાવીને 31 માર્ચ 2024 સુધી વધારવાનો પ્રસ્તાવ મૂકું છું.

**વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતોના કરવેરા માટેની યોજના**

131. વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતોના હસ્તાંતરણોમાં અસામાન્ય વધારો નોંધાયો છે. આ હસ્તાંતરોના પ્રમાણ અને પુનરાવર્તનના કારણે તે જરૂરી બની ગયું છે કે તેના માટે એક વિશિષ્ટ કર વ્યવસ્થાની જોગવાઇ કરવામાં આવે. તે અનુસાર, વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતો ઉપર કરવેરા માટે, હું તે બાબતની જોગવાઇ કરવાનો પ્રસ્તાવ રજૂ કરું છું કે કોઇપણ વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતોના હસ્તાંતરણથી પ્રાપ્ત થયેલી કોઇપણ આવક ઉપર 30 ટકાના દરોએ કર વસૂલવામાં આવશે.

- તેની પ્રાપ્તિ માટે થતા ખર્ચ સિવાય આવી આવકની આકારણી કરતી વખતે કોઇપણ ખર્ચ અથવા ભથ્થાના સંદર્ભમાં કોઇપણ પ્રકારની કપાતની પરવાનગી આપવામાં આવશે નહીં. આ ઉપરાંત, વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતના હસ્તાંતરણથી થયેલા નુકસાનને કોઇપણ આવકની સામે સરભર કરી શકાશે નહીં.

- આ ઉપરાંત, હસ્તાંતરણ વિગતોને નોંધવા માટે, હું વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતોના હસ્તાંરણના સંબંધમાં કરવામાં આવેલી ચૂકવણી ઉપર એક નાણાકીય મર્યાદાથી વધુ, આવી અવેજ ઉપર 1 ટકાના દરથી TDS વસૂલવા માટેનો પણ પ્રસ્તાવ કરૂં છું.
- વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતની ભેટ ઉપર પણ તેના પ્રાપ્તકર્તા પાસેથી કર વસૂલવાનો પ્રસ્તાવ છે.

**વિભાગ દ્વારા વારંવાર અપીલ કરવામાંથી બચવા માટે કોર્ટ કેસો સંબંધિત જોગવાઇ**

132. એવું ધ્યાન ઉપર આવ્યું છે કે તેવી અપીલો દાખલ કરવામાં ખૂબ જ વધારે સમય અને સંસાધનો વ્યય થાય છે જેમાં સમાન પ્રકારના મુદ્દાઓ સમાયેલા હોય છે. વાજબી કોર્ટ કેસ જોગવાઇની અમારી નીતિને આગળ વધારતાં હું તે બાબતની જોગવાઇ કરવા માટે પ્રસ્તાવ રજૂ કરૂં છું કે કોઇ આકારણીકર્તાના કિસ્સામાં કાયદાનો એક પ્રશ્ન, કોઇપણ કેસમાં હકૂમત ધરાવતી વડી અદાલત અથવા સર્વોચ્ચ અદાલતમાં પડતર કાયદાના પ્રશ્ન જેવો સમાન છે તો વિભાગ દ્વારા તે આકારણીકર્તાના કિસ્સામાં આગળ અપીલ દાખલ કરવાનું ત્યાં સુધી મુલતવી કરવામાં આવશે જ્યાં સુધી તેવા કાયદાના પ્રશ્ન ઉપર હકૂમત ધરાવતી વડી અદાલત અથવા સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્ણય લેવામાં ન આવે. તેનાથી કરદાતાઓ અને વિભાગની વચ્ચે વારંવાર થનારી સામ-સામી કોર્ટ કાર્યવાહી ઓછી કરવામાં ખૂબ જ વધારે મદદ મળશે.

**IFSCને કર પ્રોત્સાહન**

133. IFSCને વધુ પ્રોત્સાહન આપવાના અમારા પ્રયાસોને આગળ વધારતાં, હું તે બાબતની જોગવાઇ કરવાનો પ્રસ્તાવ રજૂ કરૂં છું કે વિદેશી વ્યુત્પન્ન લેખો, અથવા કોઇ વિદેશી બેન્કિંગ એકમ દ્વારા કાઉન્ટર પર જારી કરાયેલા વ્યુત્પન્નોથી બિનનિવાસીને થયેલી આવક, રોયલ્ટીથી થયેલી આવક અને જહાજના ભાડાપટ્ટા પર ચૂકવવાનું વ્યાજ અને IFSCમાં પોર્ટફોલિયો મેનેજમેન્ટ સેવાઓથી પ્રાપ્ત થયેલી આવક, વિશેષ શરતોને આધીન, કરમુક્ત હશે.

**134. સરચાર્જનું વ્યવહારુકરણ**

- વૈશ્વિકૃત વેપાર વિશ્વમાં તેવી અનેક કાર્ય કરારો હોય છે જેની નોંધણી અને શરતોમાં એક સહાયતા સંઘ (કન્સોર્ટિયમ)ની રચના કરવી અનિવાર્ય રીતે અપેક્ષિત હોય છે. કન્સોર્ટિયમની સભ્ય સામાન્યપણે કંપનીઓ હોય છે. આવા કિસ્સાઓમાં આ એઓપીની આવક ઉપર 37 ટકા સુધીનો શ્રેણીબદ્ધ સરચાર્જ લગાવવામાં આવે છે જે અલગ-અલગ કંપનીઓ ઉપર લગાવવામાં આવતાં સરચાર્જની તુલનામાં ખૂબ જ વધારે છે. તે અનુસાર, હું એઓપીમાં સરચાર્જની ઊચ્ચત્તમ મર્યાદા 15 ટકા નિર્ધારિત કરવાનો પ્રસ્તાવ રજૂ કરૂં છું.
- આ ઉપરાંત, સુચીબદ્ધ ઇક્વિટી શેરો, યુનિટ્સ વગેરે ઉપર લાંબાગાળાના મૂડી લાભો ઉપર 15 ટકાનો મહત્તમ સરચાર્જ ચૂકવવાપાત્ર હોય છે, જ્યારે અન્ય લાંબાગાળાના મૂડી લાભો ઉપર શ્રેણીબદ્ધ સરચાર્જ લાગે છે જે 37 ટકા સુધી હોઇ શકે છે. હું કોઇપણ પ્રકારની અસ્કયામતોના હસ્તાંતરણમાંથી પ્રાપ્ત થયેલા લાંબાગાળાના મૂડી લાભો ઉપર સરચાર્જને 15 ટકાની મહત્તમ મર્યાદા સુધી નિર્ધારિત કરવાનો

પ્રસ્તાવ કરું છું. આ પગલાંથી સ્ટાર્ટ-અપ સમુદાયને પ્રોત્સાહન મળશે અને વિનિર્માણ કંપનીઓ તથા સ્ટાર્ટ-અપ્સને કરલાભ આપવાની સાથે સાથે મારો આ પ્રસ્તાવ આત્મનિર્ભર ભારત પ્રત્યે આપણી પ્રતિબદ્ધતાની પુનરોક્તિ કરે છે.

**વ્યાવસાયિક ખર્ચ તરીકે 'આરોગ્ય અને શિક્ષણ ઉપકર' સંબંધિત સ્પષ્ટતા**

**135**. આવકવેરો વ્યાવસાયિક આવકની ગણતરી માટે એક સ્વીકાર્ય ખર્ચ નથી. તેમાં કરની સાથે-સાથે સરચાર્જનો પણ સમાવેશ થાય છે. 'સ્વાસ્થ્ય અને શિક્ષણ ઉપકર' વિશિષ્ટ સરકારી કલ્યાણકારી કાર્યક્રમોને ભંડોળ પૂરું પાડવા માટે કરદાતા ઉપર એક વધારાના સરચાર્જના સ્વરૂપમાં લાગુ પાડવામાં આવે છે. પરંતુ, કેટલાક ન્યાયાલયોએ 'સ્વાસ્થ્ય અને શિક્ષણ ઉપકર'ને વ્યાપારી ખર્ચના સ્વરૂપમાં સ્વીકૃતિ આપી છે જે વૈધાનિક અભિપ્રાયની વિરુદ્ધ છે. કાનૂની અભિપ્રાયની પુનરોક્તિ કરવા માટે હું તે સ્પષ્ટ કરવાનો પ્રસ્તાવ રજૂ કરું છું કે આવક અને નફા ઉપર કોઇપણ પ્રકારનો સરચાર્જ અથવા ઉપકર વ્યાવસાયિક ખર્ચના સ્વરૂપમાં સ્વીકૃત કરી શકાશે નહીં.

**કરચોરી નિવારણ**

**136**. વર્તમાનમાં, તપાસ કાર્યવાહીઓ દરમિયાન ધ્યાન ઉપર આવેલી જાહેર નહીં કરેલી આવકના સંબંધમાં નુકસાનને આગળ લઇ જઇને સરભર કરવાના સંબંધમાં અસ્પષ્ટતા છે. એવું ધ્યાન ઉપર આવ્યું છે કે અનેક કિસ્સાઓમાં, જેમાં જાહેર નહીં કરેલી આવક અથવા વેચાણને છૂપાવવા વગેરેની જાણકારી પ્રાપ્ત થાય છે તો નુકસાન સામે સરભર કરીને કરની ચૂકવણીથી બચી શકાય છે. નિશ્ચિતતા લાવવા અને કરચોરી કરનારાઓમાં નિવારક ભય વધારવા માટે હું તે જોગવાઇ કરવાનો પ્રસ્તાવ કરું છું કે તપાસ અને સર્વેક્ષણ કાર્યવાહીઓ દરમિયાન શોધવામાં આવેલી જાહેર નહીં કરેલી આવકના સંબંધમાં તેને કોઇપણ પ્રકારના નુકસાનની સામે સરભર કરવા દેવાની પરવાનગી આપવામાં આવશે નહીં.

**TDS જોગવાઇઓને તર્કસંગત બનાવવી**

**137**. એવું ધ્યાન ઉપર આવ્યું છે કે વેપારને ઉત્તેજન આપવાની કાર્યનીતિના સ્વરૂપમાં વેપારી એકમો પોતાના એજન્ટોને લાભો પસાર કરવાનું વલણ ધરાવતાં હોય છે. આવા લાભો એજન્ટો માટે કરપાત્ર હોય છે. આવા હસ્તાંતરણો ઉપર નજર રાખવા માટે, જો આવા લાભોનું એકંદર મૂલ્ય નાણાકીય વર્ષ દરમિયાન રૂપિયા 20,000 કરતાં વધી જાય તો હું લાભ આપનારી વ્યક્તિ દ્વારા કર કપાત માટે જોગવાઇ કરવાનો પ્રસ્તાવ કરું છું.

138. અન્ય કેટલાક ફેરફારો પણ કરવામાં આવી રહ્યાં છે જેની વિગતો ફાઇનાન્સ વિધેયકમાં આપવામાં આવી છે.

**અપ્રત્યક્ષ કર**

**વસ્તુ તેમજ સેવા કર (જીએસટી)માં અસાધારણ પ્રગતિ**

**139**. આઝાદ ભારતમાં જીએસટી એક ઐતિહાસિક સુધારો છે,જે સહકારી સંઘવાદનો જુસ્સો દર્શાવે છે. ઊંચી આકાંક્ષાઓની સાથે સાથે પડકારો પણ મહાકાય હતા. આ પડકારોને GST કાઉન્સિલના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ પરિશ્રમપૂર્વક ચપળતાપૂર્વક દૂર કરવામાં આવ્યા હતા. હવે આપણે વન માર્કેટ - વન ટૅક્સના ભારતના

સ્વપ્નને સાકાર કરી રહેલા સંપૂર્ણપણે આઈટી દ્વારા સંચાલિત તેમજ પ્રગતિશીલ જીએસટી માળખું હોવાનું ગર્વ લઈ શકીએ એમ છીએ. હજુ કેટલાક પડકારો ઝીલવાના છે અને આવનારા વર્ષે અમે તેનો ઉકેલ લાવી શકીશું તેવી આશા છે. સુવિધા અને અમલીકરણ વચ્ચે યોગ્ય સંતુલન સર્જાતાં વધુ સારું અનુપાલન થઈ રહ્યું છે. મહામારી છતાં જીએસટીની આવકમાં મોટો ઉછાળો આવ્યો છે. આ વૃદ્ધિ માટે કરદાતાઓનો આભાર માનવો જોઈએ. તેમણે માત્ર પરિવર્તનોને અપનાવ્યાં એટલું જ નહીં, કરવેરા ચૂકવીને તેમાં ઉત્સાહપૂર્વક યોગદાન પણ આપ્યું.

સ્પેશિયલ ઈકોનોમિક ઝોન્સ ઃ

**140**.
મારા ભાષણના પાર્ટ એમાં મેં એસઈઝેડ ક્ષેત્રમાં સૂચિત સુધારાઓનો ઉલ્લેખ કર્યો હતો. એ ઉપરાંત, અમે એસઈઝેડના કસ્ટમ્સને લગતા વહીવટમાં પણ સુધારા હાથ ધરીશું અને વધુ સહાયરૂપ બનવા તેમજ ફક્ત જોખમ-આધારિત તપાસ ઉપર ફોકસ કરીને કામકાજ કસ્ટમ્સ નેશનલ પોર્ટલ ઉપર તેમજ સંપૂર્ણપણે આઈટી દ્વારા સંચાલિત બનાવીશું. આને કારણે એસઈઝેડ એકમો માટે બિઝનેસ કરવો નોંધપાત્ર પ્રમાણમાં સુગમ બનશે. આ સુધારો 30મી સપ્ટેમ્બર, 2022 સુધીમાં અમલી બનશે.

કસ્ટમ્સના સુધારા અને ડ્યુટી રેટમાં ફેરફારો

**141**. કસ્ટમ્સ વહીવટીતંત્રને વર્ષોથી ઉદારીકરણની પ્રક્રિયાઓ તેમજ ટેકનોલોજી અપનાવીને નવો ઓપ મળ્યો છે. હવે સંપૂર્ણપણે ફેસલેસ કસ્ટમ્સ સ્થપાયું છે. કોવિડ-19 મહામારી દરમ્યાન કસ્ટમ્સ વિભાગે તમામ પ્રતિકૂળતાઓ વચ્ચે અત્યંત ચપળતા અને અર્થપૂર્ણ કાર્યો દ્વારા અસાધારણ બાહોશી દર્શાવી છે. ઘરઆંગણે ક્ષમતા સર્જનમાં, એમએસએમઈને સમાન સ્પર્ધાત્મકતા આપવામાં, કાચા માલના પુરવઠા આડેના અવરોધો હળવા કરવામાં, બિઝનેસ કરવાની સુગમતા વધારવામાં તેમજ પીએલઆઈ તેમજ ફેઝ્ડ મેન્યુફેક્ચરિંગ પ્લાન્સ જેવી અન્ય નીતિઓના અમલીકરણને શક્ય બનાવવામાં કસ્ટમ્સના સુધારાએ અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી છે. કસ્ટમ્સ માટેની મારી દરખાસ્તો આ ઉદ્દેશો સાથે સુસંગત છે.

પ્રોજેક્ટ ઈમ્પોર્ટસ અને કેપિટલ ગુડ્સ

**142**. નેશનલ કેપિટલ ગુડ્સ પોલિસી, 2016નું લક્ષ વર્ષ 2025 સુધીમાં કેપિટલ ગુડ્સનું ઉત્પાદન બમણું કરવાનું છે. આને પગલે રોજગારની તકો સર્જાશે અને પરિણામે આર્થિક પ્રવૃત્તિઓ વધશે. જોકે, વીજળી, ફર્ટિલાઈઝર, ટેક્સ્ટાઈલ્સ, લેધર, ફૂટવેર, ફૂડ પ્રોસેસિંગ અને ફર્ટિલાઈઝર્સ જેવાં વિવિધ ક્ષેત્ર માટે કેપિટલ ગુડ્સ ઉપર કેટલાક કિસ્સાઓમાં ત્રણ દાયકાથી વધુ સમયથી કરવેરામાં મુક્તિ આપવામાં આવી રહી છે. આ મુક્તિને કારણે સ્થાનિક કેપિટલ ગુડ્સ ક્ષેત્રનો વિકાસ રુંધાઈ રહ્યો છે.

**143**. તે જ રીતે, પ્રોજેક્ટ ઉપર આયાત ડ્યૂટી કન્સેશનને કારણે કોલસાના ખાણકામના પ્રોજેક્ટો, વીજ ઉત્પાદન, ટ્રાન્સમિશન અને વિતરણના પ્રોજેક્ટો, રેલવે અને મેટ્રોના પ્રોજેક્ટો જેવા વિસ્તારોમાં સ્થાનિક ઉત્પાદકોને સમાન સ્પર્ધાત્મકતા મળતી નથી. અમારા અનુભવ મુજબ વાજબી ટેરિફ લાદવાથી આવશ્યક આયાતોના ખર્ચને કોઈ નોંધપાત્ર અસર થયા વિના ઘરઆંગણાના ઉદ્યોગના વિકાસને તેમજ  મેઇક ઈન ઈન્ડિયા

અભિયાનને સહાય મળશે.

**144**. આને પગલે, હું કેપિટલ ગુડ્સ અને પ્રોજેક્ટ ઈમ્પોર્ટ્સ માટે લાગુ રાહત દરો ક્રમશઃ પાછા ખેંચવાનું તેમજ 7.5 ટકાના સાધારણ ટૅરિફ લાગુ કરવાનું સૂચવું છું. કેટલીક અદ્યતન મશીનરીઓ, જેનું મેન્યુફેક્ચરિંગ દેશમાં થતું નથી, તેના ઉપર ચોક્કસ અપવાદો ચાલુ રહેશે.

**145**. દેશમાં કેપિટલ ગુડ્સના ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા માટે સ્પેશિયલાઈજ્ડ કાસ્ટિંગ્સ, બોલ સ્ક્રૂ અને લિનિયર મોશન ગાઈડ જેવા ઈનપુટ ઉપર કેટલાક અપવાદો અપાશે.

કસ્ટમ્સની છૂટછાટો અને ટૅરિફ સરળીકરણની સમીક્ષા

**146**. છેલ્લા બે બજેટમાં અમે કેટલાક કસ્ટમ્સ અપવાદો - મુક્તિને તર્કસંગત બનાવી હતી. અમે ફરી ક્રાઉડ સોર્સિંગ સહિત વિસ્તૃત પરામર્શ હાથ ધર્યો અને તેને પરિણામે, 350થી વધુ ચીજો ઉપરની મુક્તિ ક્રમશઃ પાછી ખેંચવાનું સૂચવીએ છીએ. તેમાં ઘરઆંગણે પર્યાપ્ત ક્ષમતાઓ હોય તેવાં કેટલાંક કૃષિ ઉત્પાદન, કેમિકલ્સ, ફેબ્રિક્સ, તબીબી ઉપકરણો તેમજ ડ્રગ્સ અને દવાઓ ઉપરની મુક્તિ સામેલ છે. આ ઉપરાંત, સરળીકરણના પગલા તરીકે કેટલાક રાહત દરોને વિવિધ નોટિફિકેશન્સ દ્વારા રજૂ કરવાને બદલે કસ્ટમ્સ ટૅરિફ શિડ્યુઅલમાં સાંકળી લેવાયા છે.

**147**. આ વ્યાપક સમીક્ષાને કારણે ખાસ કરીને કેમિકલ્સ, ટેક્સ્ટાઈલ્સ અને મેટલ્સ જેવાં ક્ષેત્રો માટે કસ્ટમ્સના દર અને ટૅરિફ માળખું સરળ બનશે અ�ે વિવાદો ઘટશે. ભારતમાં જેનું ઉત્પાદન થાય છે અથવા થઈ શકે છે, તેવી ચીજવસ્તુઓ ઉપરની મુક્તિઓ હટાવવાથી તેમજ ઈન્ટરમીડિયેટ ઉત્પાદનોમાં વપરાતા કાચા માલ ઉપરની ડ્યૂટીઝમાં રાહત આપવાથી મેઇક ઇન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારતના આપણા ધ્યેયોને હાંસલ કરવાની દિશામાં ઘણું આગળ વધી શકાશે.

**148**. હવે હું ચોક્કસ ક્ષેત્રો માટેની દરખાસ્તો રજૂ કરીશ.

ઈલેક્ટ્રોનિક્સ

**149**. ઈલેક્ટ્રોનિકનું ઉત્પાદન ઝડપભેર વધી રહ્યું છે. પહેરવા યોગ્ય ઉપકરણો, સાંભળી શકાય તેવા ઉપકરણો અને ઈલેક્ટ્રોનિક સ્માર્ટ મીટરના ઘરઆંગણાના ઉત્પાદનને મદદરૂપ થવા માટે કસ્ટમ્સ ડ્યુટીના દરોને ગ્રેડ રેટ માળખું પ્રદાન કરવા માટે માપાંકિત કરવામાં આવી રહ્યા છે. મોબાઈલ ફોનના ચાર્જર્સના ટ્રાન્સફોર્મના ભાગો તેમજ મોબાઈલ કેમેરા મોડ્યુલના કેમેરા લેન્સ તેમજ અન્ય કેટલીક ચીજોને કરરાહતો અપાઈ રહી છે. આને કારણે ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓના ઘરઆંગણાના ઉત્પાદનમાં મોટો વધારો કરી શકાશે.

જેમ્સ અને જ્વેલરી

**150**. જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રને વેગ આપવા માટે કટ અને પોલિશ્ડ ડાયમંડ્સ તેમજ જેમસ્ટોન્સ ઉપરની કસ્ટમ્સ ડ્યૂટી ઘટાડીને પાંચ ટકા કરવામાં આવશે. ઘસેલા હીરા ઉપર કોઈ કસ્ટમ્સ ડ્યૂટી લાગુ નહીં થાય. જ્વેલરીની ઈ-કોમર્સ દ્વારા નિકાસને પ્રોત્સાહન આપવા માટે આ વર્ષે જૂન સુધીમાં સરળ નિયમન માળખું અમલી બનાવાશે. સસ્તી ઈમિટેશન જ્વ્લેરીની આયાતોને રોકવા ઈમિટેશન જ્વેલરી ઉપર નિર્ધારિત રીતે કસ્ટમ્સ ડ્યૂટી લાગુ કરાશે, જેના હેઠળ આવી સસ્તી ઈમિટેશન જ્વેલરીની આયાત ઉપર ઓછામાં ઓછી પ્રતિ કિલો રૂા. 400ની ડ્યૂટી લાગુ કરાશે.

કેમિકલ્સ

**151**. મિથેનોલ, એસેટિક એસિડ અને પેટ્રોલિયમ રિફાઈનિંગ માટેના હેવી ફીડ સ્ટોક્સ જેવાં કેટલાંક મહત્ત્વપૂર્ણ કેમિકલ્સ ઉપરની કસ્ટમ્સ ડ્યૂટી ઘટાડવામાં આવશે, જ્યારે સોડિયમ સાયનાઈડ, જેના માટે ઘરઆંગણે પર્યાપ્ત ક્ષમતાઓ છે, તેની ઉપરની ડ્યૂટી વધારવામાં આવશે. આ ફેરફાર ઘરઆંગણે મૂલ્ય વર્ધન વધારવામાં મદદગાર નીવડશે.

એમએસએમઈ

**152**. છત્રી ઉપરની ડ્યૂટી વધારીને 20 ટકા કરવામાં આવી રહી છે. છત્રીના પાર્ટ્સ ઉપરની કરમુક્તિ પાછી ખેંચવામાં આવી રહી છે. ભારતમાં ઉત્પાદન થતું હોય તેવાં કૃષિ ક્ષેત્રનાં ઈમ્પ્લીમેન્ટ્સ અને ટૂલ્સ ઉપરની કસ્ટમ્સ ડ્યૂટીને પણ તર્કસંગત બનાવાઈ છે. ગયા વર્ષે સ્ટીલના ભંગાર માટે કસ્ટમ્સ ડ્યૂટીમાં અપાયેલી મુક્તિ વધુ એક વર્ષ માટે લંબાવાઈ છે, જેથી સેકંડરી સ્ટીલ ઉત્પાદનનાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમોને રાહત મળશે. ધાતુઓના ભાવ ઊંચા હોવાનું ધ્યાનમાં રાખીને લોકોના વ્યાપક હિતમાં સ્ટેઇનલેસ સ્ટીલ અને કોટેડ સ્ટીલ ફ્લેટ પ્રોડક્ટ્સ, એલોય સ્ટીલના બાર્સ અને હાઈ સ્પીડ સ્ટીલ ઉપરની એન્ટી-ડમ્પિંગ અને સીવીડી રદ્દ કરવામાં આવી છે.

નિકાસો

**153**. નિકાસોને પ્રોત્સાહન આપવા માટે શણગાર, ટ્રિમિંગ, ફાસ્ટનર્સ, બટનો, ઝિપર, અસ્તર સામગ્રી, ચોક્કસ પ્રકારનું ચામડું, ફર્નિચર ફિટિંગ અને પેકેજિંગ બોક્સ જેવી હેન્ડિક્રાફ્ટ્સ, ટેક્સ્ટાઈલ્સ અને લેધર ગાર્મેન્ટ્સ, લેધર ફૂટવેર અન્ય અન્ય ચીજોના વાસ્તવિક નિકાસકારોને આવશ્યક હોય તેવી ચીજોને વેરા મુક્તિ અપાશે

**154**. શ્રિમ્પ એક્વાકલ્ચર માટે જરૂરી ચોક્કસ કાચા માલ ઉપરનો વેરો ઘટાડાશે, જેથી નિકાસને પ્રોત્સાહન મળે.

ફ્યુઅલના બ્લેન્ડિંગને પ્રોત્સાહન આપવા ટૅરિફના પગલા

**155**. ફ્યુઅલનું બ્લેન્ડિંગ, આ સરકારની પ્રાથમિકતા છે. ફ્યુઅલના બ્લેન્ડિંગને પ્રોત્સાહન આપવાના પ્રયાસો હેઠળ અનબ્લેન્ડેડ ફ્યુઅલ ઉપર પહેલી ઑક્ટોબર, 2022ના રોજથી પ્રતિ લીટર બે રૂપિયાની વધારાની ડિફરેન્શિયલ એક્સાઈઝ ડ્યૂટી લાગુ થશે.

156. ડ્યૂટી રેટ્, કસ્ટમ્સ ટેરિફ અને કસ્ટમ્સના કાયદામાં અન્ય કેટલાક ફેરફારો પણ કરવામાં આવ્યા છે, જેની વિગતો ફાયનાન્સ બિલમાં રજૂ કરાઈ છે.

**157**. માનનીય અધ્યક્ષ શ્રી, આ સાથે હું આ ગૃહને બજેટ સોંપું છું.

****************************************************************

**<u>બજેટના ભાષણના ભાગ A માટે પરિશિષ્ટ</u>**

**<u>પરિશિષ્ટ 1</u>**

*(ફકરા નંબર 57નો સંદર્ભ લેવો)*

**PM DevINE હેઠળ પરિયોજનાઓની પ્રારંભિક યાદી**

| **અનુક્રમ** | **પરિયોજનાનું નામ** | **કુલ અંદાજિત** |
|---|---|---|

| નંબર | | ખર્ચ (રૂપિયા કરોડ) |
|---|---|---|
| 1. | પૂર્વોત્તર પ્રદેશ, ભારત, ગુવાહાટી (બહુવિધ રાજ્ય)માં પીડિયાટ્રિક અને પુખ્ત હેમોટોલિમ્ફોઇડ કેન્સરના વ્યવસ્થાપન માટે સમર્પિત સેવાઓની સ્થાપના | 129 |
| 2. | NECTAR આજીવિકા સુધારો પરિયોજના (બહુવિધ રાજ્ય) | 67 |
| 3. | ભારતના પૂર્વોત્તરમાં વૈજ્ઞાનિક ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન (બહુવિધ રાજ્ય) | 45 |
| 4. | પશ્ચિમી બાજુએ ઐઝવાલ બાયપાસનું બાંધકામ | 500 |
| 5. | પશ્ચિમ સિક્કિમમાં પેલિંગથી સાંગા- ચોલિંગ સુધી મુસાફર રોપવે માટે ગેપ ફંડિંગ | 64 |
| 6. | દક્ષિણ સિક્કિમમાં ધૈપ્પરથી ભાલે ધુંગા સુધી ઇકો ફ્રેન્ડલી રોપવે (કેબલ કાર) માટે ગેપ ફંડિંગ | 58 |
| 7. | મિઝોરમ રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં અલગ અલગ સ્થળોએ વાંસ સંપર્ક માર્ગના નિર્માણ માટે પાઇલટ પરિયોજના | 100 |
| 8. | અન્ય (ઓળખવામાં આવશે) | 537 |
| | **કુલ** | **1500** |

પરિશિષ્ટ 2

બજેટ સિવાયના સંશાધનોની વિગતો (સરકાર દ્વારા સંપૂર્ણપણે ચૂકવવામાં આવેલા બોન્ડ્સ અને NSSF ઋણ અને અન્ય સંશાધનો)

(રૂ. કરોડ)

ભાગ – ક – સરકાર દ્વારા સંપૂર્ણપણે ચૂકવવામાં આવેલા બોન્ડ બહાર પાડીને મેળવવામાં આવેલા ઇવીઆરઃ

| માંગ સંખ્યા | મંત્રાલય/ વિભાગનું નામ અને યોજનાનું નામ | 2016-17 વાસ્તવિક | 2017-18 વાસ્તવિક | 2018-19 વાસ્તવિક | 2019-20 વાસ્તવિક | 2020-21 વાસ્તવિક | 2021-22 બ.અ. | 2021-22 સં.અ. | 2022-23 બ.અ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 26 | ઉચ્ચતર શિક્ષા વિભાગ ઉચ્ચતર શિક્ષામાં માળખાકીય અને પ્રણાલીગત પુનરોદ્ધાર (RISE) | --- | --- | --- | --- | --- | | | |
| 46 | સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના | --- | --- | --- | --- | --- | | | |
| 60 | આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય. પ્રધાનમંત્રી આવાસ યોજના (PMY) – શહેરી | --- | --- | 20000.00 | --- | --- | | | |
| 62 | જળ સંશાધન, નદી વિકાસ અને ગંગા | | | | | | | 751.80 | |
| | (i) પોલાવરમ સિંચાઇ પરિયોજના | --- | --- | 1400.00 | 1850.00 | 2243.20 | | | |
| | (ii) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (એક્સિલરેટેડ | 2187.00 | 3105.00 | 5493.40 | 1963.30 | 1922.10 | | | શૂન્ય |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઇરિગેશન બેનિફિટ્સ પ્રોગ્રામ અને અન્ય પરિયોજનાઓ) | | | | | | | | |
| 63 | પીવાલાયક પાણી અને સ્વચ્છતા વિભાગ<br>(i) સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)<br>(ii) જળ જીવન મિશન/ રાષ્ટ્રીય ગ્રામીણ પીવાલાયક પાણી કાર્યક્રમ | ---<br>--- | ---<br>--- | 8698.20<br>--- | 3600.00<br>--- | ---<br>--- | શૂન્ય | | |
| 71 | નવીન અને નવીકરણીય ઊર્જા મંત્રાલય<br>(i) ગ્રિડ ઇન્ટરએક્ટિવ નવીકરણીય વિદ્યુત ઓફ ગ્રિડ/ વિતરિત અને વિકેન્દ્રિત નવીકરણીય ઊર્જા<br>(ii) પ્રધાનમંત્રી ખેડૂત ઊર્જા સંરક્ષણ તથા ઉત્થાન મહાભિયાન (પીએમ- કુસુમ) | 1640.00<br>--- | ---<br>--- | ---<br>--- | ---<br>--- | ---<br>--- | | | |
| 78 | **હવાઇ, જહાજ પરિવહન અને જળમાર્ગ મંત્રાલય**<br>ભારતીય અંતર્દેશીય જળમાર્ગ સત્તામંડળ | 340.00 | 660.00 | --- | --- | --- | | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | (IWAI) પરિયોજનાઓ | | | | | | | | |
| 79 | વિદ્યુત મંત્રાલય<br>(i) દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના/સૌભાગ્ય<br>(ii) વિદ્યુત પ્રણાલી વિકાસ નિધિ પરિયોજનાઓ | 5000.00<br>--- | 4000.00 | 13827.00<br>5504.70 | 3782.00<br>--- | 2500.00<br>--- | | | 751.80 |
| 87 | ગ્રામીણ વિકાસ વિભાગ<br><br>પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY)-ગ્રામીણ | --- | 7330.00 | 10678.80 | 10811 | 19999.80 | | | |
| | કુલ | 9167.00 | 15095.00 | 65602.10 | 22006.30 | 26665.10 | | | |

ભાગ – ખ – NSSF પાસેથી પ્રાપ્ત થયેલા ઋણોના માધ્યમથી પૂરી પડાયેલી નાણાકીય સહાયતાઃ

| માંગ સંખ્યા | મંત્રાલય/ વિભાગનું નામ અને એકમનું નામ | 2016-17 વાસ્તવિક | 2017-18 વાસ્તવિક | 2018-19 વાસ્તવિક | 2019-20 વાસ્તવિક | 2020-21 વાસ્તવિક | 2021-22 બ.અ. | 2021-22 સં.અ. | 2022-23 બ.અ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ખાદ્ય અને સાર્વજનિક વિતરણ વિભાગ<br><br>ભારતીય ખાદ્ય નિગમ | 70000.00 | 65000.00 | 97000.00 | 110000.00 | 84636.00 | --- | | |
| 2 | આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય | --- | 8000.00 | --- | 15000.00 | 10000.00 | --- | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભવન સામગ્રી અને ટેક્નોલોજી સંવર્ધન પરિષદ | | | | | | | | |
| 3 | ખાતર વિભાગ<br><br>ધાતુ અને ખનિજ પદાર્થ વેપાર નિગમ | --- | --- | --- | 1310.00 | | --- | શૂન્ય | શૂન્ય |
| 4 | અન્ય સાર્વજનિક એજન્સીઓને સહાયતા (કેટલીક વિશિષ્ટ પરિયોજનાઓ અંતર્ગત વધારાના સંશાધનોની જો કોઇ જરૂરિયાત હોય તો પૂરી કરવા માટે) | | | | | | 30000.00 | | |
| | કુલ | 70000.00 | 73000.00 | 97000.00 | 126310.00 | 94636.00 | 30000.00 | | |
| | કુલ સરવાળો (ક+ખ) | 71167.00 | 88095.00 | 162602.10 | 148316.30 | 121301.10 | 30000.00 | 751.80 | |

ટિપ્પણીઓ:

(i) નાગરિક ઉડ્ડયન મંત્રાલય અંતર્ગત એર ઇન્ડિયા હોલ્ડિંગ લિમિટેડ (AIAHL)ને તે બાબતની મંજૂરી આપવામાં આવી છે કે તે નાણાકીય વર્ષ 2019-20માં રૂ. 7,000 કરોડ સુધીના ગવર્મેન્ટ ફુલ્લી સર્વિસ બોન્ડને બહાર પાડીને પોતાની EBR વધારી શકે છે જેનાથી AIAHL ને હસ્તાંતર કરવામાં આવેલા એઆઇ ઋણને ફરીથી ધિરાણ કરી શકાય.

(ii) રેલવે મંત્રાલયને તે બાબતની પરવાનગી આપવામાં આવી છે કે તે પોતાની પરિયોજનાઓને ધિરાણ પૂરું પાડવા માટે ઋણ લઇને રૂ. 10,200 કરોડ (નાણાકીય વર્ષ 2018-19માં રૂ. 5,200 કરોડ અને નાણાકીય વર્ષ 2019-20માં રૂ. 5,000 કરોડ) સુધીની જરૂરિયાતોને પૂરી કરી શકે છે.

પુનઃચૂકવણીની ભરપાઇ સરકારની સામાન્ય રાજસ્વ જોગવાઇઓમાંથી પૂરી પાડવામાં આવી રહી છે.

(iii) સાર્વજનિક ક્ષેત્રના બેન્કોને ફરીથી નાણાકીય રીતે સમૃદ્ધ બનાવવા માટે 2017-18માં રૂ. 80,000 કરોડ, 2018-19માં રૂ. 1,06,000 કરોડ અને 2019-20માં રૂ. 65,443 કરોડ પૂરા પાડવામાં આવશે. આ ઉદ્દેશ માટે 2021-22માં રૂ. 15,000 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

(iv) વાર્ષિક યોજનાઓ સંબંધિત ચૂકવણીનું વિવરણ ઉપલબ્ધ બજેટ 2022-23ના ભાગ-ખમાં આપવામાં આવ્યું છે. નાણાકીય વર્ષ 2020-21ના અંતમાં ચૂકવણી થયા વગરની વાર્ષિક ચૂકવવાપાત્ર રકમ રૂ. 38,775.72 કરોડ રહી હતી.

(v) આ પરિયોજના માટે પોલાવરમ સિંચાઇ પરિયોજના અંતર્ગત નાણાકીય વર્ષ 2021-22માં વર્તમાન નાણાકીય વ્યવસ્થાઓ અનુસાર EBR મેળવવામાં આવ્યું હતું. ભવિષ્યની નાણાકીય જરૂરિયાતો બજેટમાંથી પૂરી કરવામાં આવનાર છે.